અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ ડિસેમ્બર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ પાંચમ | અંક : ૧૩૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**૨૦૨૩-૨૪માં ગ્રીન ફ્યુઅલ ઇથેનોલના ઉત્પાદનમાં ઘટાડો થશે નહીં**

**અગાઉ કેન્દ્ર સરકારે ઇથેનોલનું ઉત્પાદન કરવા માટે શેરડીના રસના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો, હવે સ્ટોક પણ ઓછો નહીં પડે**

## સરકારે શેરડીના રસમાંથી ઇથેનોલ બનાવવા પરનો પ્રતિબંધ હટાવ્યો

। નવી દિલ્હી, તા.૧૬ ।

સરકારે શેરડીના રસમાંથી ઈથેનોલ બનાવવા પ રનો પ્રતિબંધ હટાવ્યો છે. શનિવારે નવો આદેશ જાહેર કરતા ખાદ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ઈથેનોલના ઉત્પ ાદનમાં શેરડીનો રસ અને બી-હેવી ગોળનો ઉપયોગ ચાલુ જ રહેશે. આના કારણે ૨૦૨૩-૨૪માં ગ્રીન ફ્યુઅલ ઈથેનોલના ઉત્પાદનમાં ઘટાડો થશે નહીં. તેમજ સ્ટોક પણ ઓછો નહીં પડે. અગાઉ, સરકારે ઈથેનોલ ઉત્પાદનમાં શેરડીના રસના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. સ્થાનિક બજારમાં ખાંડની વધતી કિંમતો અને અવિરત પુરવઠાને ધ્યાનમાં રાખીને ૭ ડિસેમ્બરે, ઈથેનોલ ઉત્પાદન માટે સરકારે શેરડીના રસ અને ખાંડની ચાસણીના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો હતો. હવે નવા નિયમ મુજબ કંપનીએ તેમના નિર્ણય અંગે ખાદ્ય મંત્રાલયને પણ જાણ કરવી પડશે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દરેક દારૂના કારખાના માટે ઉત્પાદન લક્ષ્યાંકો પણ ફરીથી જાહેર કરશે. તેમજ કંપનીઓએ તેમના નિર્ણય વિશે ખાદ્ય મંત્રાલયને પણ જાણ કરવી પ ડશે. આ ઉપરાંત સુગર મિલો અને દારૂના કારખાનાએ પણ ઉત્પાદનની માહિતી આપવી પડશે. તેમજ શેરડીનો રસ અને ભારે ગોળનો ઉપયોગ સ્પિરિટ અને દારૂના ઉત્પાદનમાં થઈ શકશે નહીં. આ ઉપરાંત તમામ ગોળ આધારિત દારૂના કારખાના ઈથેનોલ બનાવવા માટે ઝ-હેવી ગોળનો ઉપયોગ કરશે.



શેરડીના રસમાંથી ઇથેનોલ બનાવવા પરનો પ્રતિબંધ હટાવવા બાબતે શુક્રવારે ખાદ્ય સચિવ સંજીવ ચોપડાએ નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૧૭ લાખ ટન ખાંડનો ઉપયોગ ઇથેનોલ પ્રયોગ માટે કરવામાં આવશે. લાગેલા પ્રતિબંધ પહેલા ઇથેનોલ ઉત્પ ાદનમાં ૬ લાખ ટન ખાંડનો ઉપયોગ થતો હતો. સરકારનો અંદાજ છે કે દેશમાં ખાંડનું ઉત્પાદન ઘટીને લગભગ ૩૩ મિલિયન ટન થશે. ગત સિઝનમાં ખાંડનું ઉત્પાદન ૩.૭૩ કરોડ ટન હતું. આઈએસએમએ (ખાંડ કંપનીઓના સંગઠન)એ કહ્યું હતું કે શેરડીના રસમાંથી ઇથેનોલ બનાવવા પર પ્રતિબંધથી ખાંડ મિલોની કાર્યક્ષમતા પર નકારાત્મક અસર પડશે. તેમજ આ નિર્ણયને કારણે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ જોખમમાં છે. ઉપરાંત એ આશંકા પણ છે કે અચાનક પ્રતિબંધ લાદવાથી શેરડીના ખેડૂતોને ચૂકવણી કરવામાં વિલંબ થઇ શકે છે. આ પ્રતિબંધ લાદવાથી ખાંડ અને ઇથેનોલ સંબંધિત શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો.

**એરપોર્ટ પર મુસાફરોની ઝડપી અને સખત તપાસ થશે**

## દિલ્હી સહિતના તમામ એરપોર્ટ પર હવે લગાવાશે ફૂલ બોડી સ્કેનર

। નવી દિલ્હી, તા.૧૬ ।

બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી એટલે કે BCASના ડાયરેક્ટર જનરલ ઝુલ્ફીકાર હસનના જણાવ્યા અનુસાર, મે ૨૦૨૪ સુધીમાં દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર ફુલ બોડી સ્કેનર્સ અને કોમ્પ્યુટર ટોમોગ્રાફી એક્સ-રે (CTX) સ્કેનર્સ ઈન્સ્ટોલ કરવાની સંભાવના છે. જાણીતું છે કે આને ઈન્સ્ટોલ કરવા માટે છેલ્લા ઘણા સમયથી રાહ જોવાઈ રહી છે. જો કે આવા સ્કેનર વિશ્વના મોટા ભાગના મોટા એરપોર્ટ પર પહેલેથી જ હાજર છે. મેટલ ડિટેક્ટર અને મેન્યુઅલ તપાસની તુલનામાં આવા સ્કેનર મુસાફરોની ઝડપી અને સખત તપાસ થાય છે. CTXMકેનર્સનો ઉપ યોગ કેબિન અથવા કેરી-ઓન બેગેજ તપાસવા માટે થાય છે. આમાં, મુસાફરોની તપાસ માટે ઈલેક્ટ્રોનિક ડિવાઈસ અને પ્રવાહી પદાર્થોને અલગ કરવાની જરૂર નથી. આ સાથે જ એવી આશા રાખવામાં આવી રહી છે બંને મશીનો એકસાથે ફ્લાઈટ પહેલા મુસાફરોની સુરક્ષા તપાસમાં લાગતો સમય ઘટાડશે. આનાથી એરપોર્ટ પર ભીડ અને રાહ જોવાનો સમય ઘટાડવામાં મદદ મળવાની અપેક્ષા છે. આ વર્ષની શરૂઆતમાં, BCAS એ ૧ કરોડથી વધુ મુસાફરો અને વાર્ષિક ૫૦ લાખ મુસાફરોને હેન્ડલ કરતા તમામ એરપોર્ટને ૩૧ ડિસેમ્બર સુધીમાં ફુલ બોડી સ્કેનર અને CTX સ્કેનર ઈન્સ્ટોલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, કેટલાક 'રેગ્યુલેશન ઈશ્યુ'ના કારણે આ પ્રક્રિયા અને સ્કેનર્સ ઈન્સ્ટોલ કરવાની પ હેલ વિલંબમાં પડી છે. પરંતુ હવે તે મે સુધીમાં IGI એરપોર્ટથી શરૂ થવાની સંભાવના છે.જીએમઆર દ્વારા સંચાલિતે IGI એરપોર્ટતે ભારતનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે. ૨૦૨૨-૨૩ (નાણાકીય વર્ષ ૨૩) માં અહીંથી ૬.૫ કરોડથી વધુ મુસાફરો ફ્લાઈટમાં બેઠા છે.

**જાન્યુઆરીમાં અયોધ્યામાં રામમંદિરનું ઉદ્‌ઘાટન થશે**

## અયોધ્યા માટે દેશમાંથી ૧૦૦૦થી વધુ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનું આયોજન

। નવી દિલ્હી, તા.૧૬ ।

અયોધ્યમાં ૨૦૨૪ની જાન્યુઆરીમાં ભવ્ય રામ મંદિરનું ઉદ્‌ઘાટન થવાનું છે ત્યારે રામ ભક્તો માટે એક સારા સામાચાર આવ્યા છે જેમાં ભારતીય રેલવેએ ભક્તો માટે દેશના વિવિધ ક્ષેત્રોમાંથી ૧૦૦૦થી વધુ સ્પેશ્યલ ટ્રેન અયોધ્યા માટે દોડાવવાની યોજના બનાવી રહ્યું છે. દેશના કરોડો હિંદુઓની આસ્થા જેની સાથે જોડાયેલી છે તે રામ મંદિરનું ૨૨મી જાન્યુઆરી ૨૦૨૪માં ઉદ્‌ઘાટન થવાનું છે ત્યારે રામ ભક્તોમાં આ ઉદ્‌ઘાટનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારતીય રેલવે પણ વધુમાં વધુ રામ ભક્તો અયોધ્યા રામ મંદિરના ઉદ્ધાટનમાં પહોંચી શકે તે માટેનું આયોજન કરી રહી છે.




**ન્યૂઝ બ્રિફ**

## રાજયમાં પોલીસ સામે ફરિયાદ માટે નવો નંબર જાહેર કરાશે

। ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતમાં હાલમાં લોકો વિરુદ્ધ ૧૦૦ નંબર ડાયલ કરીને પોલીસ ફરિયાદ કરાતી હતી ત્યારે હવે સામાન્ય નાગરિકને જો કોઈ પોલીસ હેરાન કરે તો પોલીસ સામે ફરિયાદ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા એક નવો નંબર જાહેર કરવામાં આવશે. એડવોકેટ જનરલે ગુજરાત હાઈકોર્ટમાં આ માટેની બાંહેધરી આપી હતી. ગુજરામાં હવે પોલીસ દમન કે હેરાનગતિ કરે તો એ માટે અલગ નંબર ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવશે. એડવોકેટ જનરલે ગુજરાત હાઈકોર્ટમાં આ માટેની બાંહેધરી આપી હતી અને જણાવ્યું હતું કે આ નવા નંબર પર પોલીસ સામે ફરિયાદ કરી શકાશે અને આ ફરિયાદ પર ૨૪ કલાકમાં જ કડક કાર્યવાહી હાથ ધરાશે. હાલના ૧૦૦ અને ૧૧૨ નંબર પણ સેવામાં ચાલું રહેશે. આ જાહેર થનાર નવા નંબરની જાણ તમામ નાગરિકોને થાય તે રીતે સુવિધા કરાશે. ગુજરાતમાં હાલમાં લોકો વિરુદ્ધ ૧૦૦ નંબર ડાયલ કરીને પોલીસ ફરિયાદ કરાતી હતી તેમજ કેન્દ્ર સરકારના જે નિયમ છે તે મુજબ ૧૧૨ હેલ્પ લાઈન નંબરનો ઉપયોગ તાત્કાલિક માટે થાય છે.

## શિક્ષણના બદલે વિદ્યાર્થીઓને રસોઇના પાઠ ભણાવતા વિવાદ સર્જાયો

। વલસાડ, તા.૧૬ ।

વલસાડ જિલ્લાના કપરાડામાં આવેલી આશ્રમ શાળામાં શિક્ષણના બદલે વિદ્યાર્થીઓને રસોઇના પાઠ ભણાવતા વિવાદ સર્જાયો છે. કપરાડાની આશ્રમ શાળામાં રસોયાના બદલે બાળકો રસોઇ બનાવી હોવાનો વીડિયો વાયરલ થયો છે. જેને લઈને વિવાદ સર્જાયો છે.ઘટના કંઈક એવી છે કે વલસાડના કપરાડમાં આવેલી શાળામાં ઘણા સમયથી વર્ગ-૪ કર્મચારી તરીકે કામ કરતા રસોઈયાની જગ્યા ખાલી છે. જેથી શાળા દ્વારા વિદ્યાર્થીઓ પાસે જ રસોઈ બનાવડાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ રસોઈ બનાવતા હોય તેવો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. જેના કારણે વાલીઓમાં રોષ ફેલાયો છે. વિદ્યાર્થીઓ પાસે રસોઈ બનાવડાવવાને લઈને વિવાદ વકર્યો છે.

વાલીઓ તથા અન્ય સ્થાનિકો દ્વારા જિલ્લા આશ્રમ શાળા વિભાગ પર બેદરકારીનો આરોપ લગાડવામાં આવ્યો છે.બીજી તરફ વિદ્યાર્થીઓ રસોઈ બનાવતા હોવાનો વીડિયો વાયરલ થતા અધિકારીઓ દોડતા થયા છે. આશ્રમ શાળાના અધિકારી વિક્રાંત થોરાના જણાવ્યા અનુસાર સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે અને કાર્યવાહી કરવામાં આવશે. તેમના જણાવ્યા મુજબ વર્ગ-૪માં રસોયાની જગ્યા ખાલી છે. જેથી આ મામલે સરકારને રજૂઆત કરી છે. હવે રસોયાની ભરતી કરાશે. રસોયાના અભાવે વિદ્યાર્થીઓએ રસોઈ બનાવી હતી.

# ઊંઝા APMCના વાઈસ ચેરમેનની પેઢી પર જીએસટીએ દરોડા પાડ્યા

### મહેસાણામાં જીએસટી વિભાગે આ કાર્યવાહી બાલચંદ સોમા નામની પેઢી પર કરી છે, જેના માલિક અરવિંદ પટેલ છે

। ઊંઝા, તા.૧૬ ।

ઊંઝાની જાણીતી એપીએમસીના વાઈસ ચેરમેનની એક પેઢી પર જીએસટી વિભાગે દરોડાની કાર્યવાહી કરી છે, આ કાર્યવાહીમાં જીએસટી ટીમને મોટી પ્રમાણમાં બિન હિસાબી વ્યવહારો મળી આવવાની શક્યતા છે. આ દરોડાની કાર્યવાહી થતાં જ સમગ્ર શહેરમાં સન્નાયો ફેલાઈ ગયો છે. મહેસાણામાં જીએસટી વિભાગે આ કાર્યવાહી બાલચંદ સોમા નામની પેઢી પર કરી છે, જેના માલિક અરવિંદ પટેલ છે.

મળતી માહિતી પ્રમાણે, જીએસટી વિભાગે ઊંઝામાં જબરદસ્ત રીતે દરોડાની કાર્યવાહી હાથ ધરી છે, આમાં ઊંઝા એપીએમસીના વાઈસ ચેરમેનની પેઢી પર દરોડા પાડવામાં આવ્યા હતા, વાઈસ ચેરમેન અરવિંદ પટેલ છે, અને તેમની પેઢીનું નામ બાલચંદ સોમા છે. હાલમાં જ ઊંઝા એપીએમસસીના વાઈસ ચેરમેન અરવિંદભાઈ પટેલની પેઢી ઉપર જીએસટીવિભાગે દરોડા પડ્યા છે. બાલચંદ સોમા નામની પેઢી ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. બાલચંદ સોમા નામની પેઢીના માલિક છે ખુદ ઊંઝા એપીએમસીના વાઈસ ચેરમેન અરવિંદ પટેલ છે, આ કાર્યવાહીમાં અહીંથી મોટા પ્રમાણમાં બિન હિસાબી વ્યવહાર મળી આવવાની શક્યતા છે. ગુજરાતમાં ફરી એકવાર જીએસટી વિભાગે દરોડાની કાર્યવાહી શરૂ કરી છે, આજે સુરત શહેરમાંથી વધુ એક મોટી કરચોરી પકડાયાના સમાચાર સામે આવ્યા છે. શહેરમાં ચાલી રહેલી કાર્યવાહીમાં ૧૫ જેટલા ડ્રાયફૂટ વિક્રેતાઓને ત્યાંથી ૧.૧૦ કરોડની કરચોરી પકડાઈ છે. સુરતમાં જીએસટી વિભાગે છેલ્લા કેટલાક સમયથી ડ્રાયફૂટ વિક્રેતાઓ પર દરોડાની કાર્યવાહી શરૂ કરી છે, જેમાં અત્યાર સુધી કુલ ૧૫ ડ્રાયફૂટ વિક્રેતાઓને ત્યાંથી ૧.૧૦ કરોડની કરચોરી પકડાઈ છે, હાલ જીએસટી વિભાગની




તપાસની કામગીર પૂર્ણ થઈ છે. સુરતમાંથી મિક્સ ડ્રાયફૂટ પર ૧૨%ની જગ્યાએ ૫% ટેક્સ ભરવામાં આવ્યો છે. આની સાથે વેપારીઓની ટુકડાઓ દર્શાવી સારી ક્વૉલિટીના કાજુના વેચાણમાં પણ ગેરરિતી બહાર આવી છે. જીએસટી વિભાગે સુરત શહેર-જિલ્લાના ૧૫ ડ્રાયફ્રુટના વિક્રેતાઓને ત્યાં દરોડા પાડ્યા હતા. દિવાળી દરમિયાન મોટાભાગનો માલ બેનબરમાં વેચવામાં આવ્યો હતો, અહીંથી મોટાપાયે ખરીદ-વેચાણ અને સ્ટોકને લગતાં હિસાબી ચોપડા જપ્ત કરવામાં આવ્યા છે. વેપારીઓએ ખૂબ નજીવું વેપારનું બિલીંગથી બતાવી મોટાભાગનો માલ રોકડમાં છૂટક વેપારીઓને ત્યાં કાપી નાંખ્યો હતો. ખાસ વાત છે કે, સુરત શહેરના નાનપુરા, ઘોડદોડ રોડ, વરાછા, ભાગળ, ઝાંપાબજાર સહિતનાં વેપારીઓને વરુણીમાં લેવામાં આવ્યા હતાં. હાલ આ અંગે તપાસ ચાલી રહી છે. દિવાળી, ધનતેરસ, છઠ્ઠ અને લગ્નની સિઝનને કારણે નવેમ્બર મહિનામાં જીએસટીકલેક્શનમાં જોરદાર ઉછાળો આવ્યો છે. નવેમ્બર ૨૦૨૪માં જીએસટીકલેક્શન રૂ. ૧.૬૮ લાખ કરોડ રહ્યું છે, જે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીમાં ૧૫ ટકા વધુ છે. જોકે, ઓક્ટોબર ૨૦૨૩ની સરખામણીએ નવેમ્બરમાં જીએસટીકલેક્શનમાં ઘટાડો થયો છે. ઓક્ટોબર મહિનામાં જીએસટીકલેક્શન ૧.૭૨ લાખ કરોડ રૂપિયા હતું. નાણા મંત્રાલયે જીએસટી કલેક્શનનો ડેટા જાહેર કર્યો છે, જે મુજબ નવેમ્બર ૨૦૨૩માં કુલ જીએસટી કલેક્શન રૂ. ૧,૬૭,૯૨૯કરોડ રહ્યું છે, જે ઓક્ટોબરના અગાઉના મહિનામાં રૂ. ૧,૭૨,૦૦૩કરોડ હતું. ડેટા અનુસાર, ઝજીએસટીરૂ. ૩૦,૪૨૦ કરોડ, જીએસટીરૂ. ૩૮,૨૨૬ કરોડ, જીએસટીરૂ. ૮૭,૦૦૯ કરોડ હતુ. ગયા મહિને જીએસટી કલેક્શન રૂ. ૯૧,૩૧૫ કરોડ હતું. જ્યારે સેસનું કલેક્શન રૂ. ૧૨,૨૭૪ કરોડ થયું છે, જેમાંથી રૂ. ૧૦૩૬ કરોડ આયાતી માલ પર એકત્ર થયા છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર નવેમ્બર ૨૦૨૨ની સરખામણીમાં નવેમ્બર ૨૦૨૩માં જીએસટીકલેક્શનમાં ૧૫ ટકાનો ઉછાળો આવ્યો છે.




બ્રેમેનના રાફેલ બોરેએ જર્મનીના મોનચેનગ્લાડબાકમાં બોરુસિયા-પાર્ક સ્ટેડિયમ ખાતે બોરુસિયા મોન્ચેન્ગલાડબેક અને વેર્ડર બ્રેમેન વચ્ચેની બુન્ડેસલિગા સોકર મેચ દરમિયાન રમતમાં તેમની ટીમનો પ્રથમ ગોલ કર્યો.

# ગોરવા વિસ્તારની ૭ સોસાયટીમાં દૂષિત પાણીનું વિતરણ થતા લોકોમાં રોષ

### મોટી સંખ્યામાં મહિલાઓએ એકત્ર થઇને માટલા ફોડીને વિરોધ કર્યો છે, વિવાદ બાદ વોર્ડના ભાજપના અન્ય કોર્પોરેટર રાજેશ પ્રજાપતિએ સોસાયટીઓની મુલાકાત લીધી

। વડોદરા, તા.૧૬ ।

વડોદરામાં આવેલી ૭ જેટલી સોસાયટીના ૧૨૦૦ જેટલા ઘરોમાં આવતા પીળા રંગના પાણીએ પારાયણ સર્જી છે. છેલ્લા ઘણા દિવસોથી આ વિસ્તારમાં પીળું,દૂષિત તેમજ દુર્ગંધયુક્ત પાણીનું વિતરણ થઈ રહ્યું છે.જેના કારણે અહીંના લોકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. વડોદરાના ગોરવા વિસ્તારમાં આવેલી ૭ જેટલી સોસાયટીના ૧૨૦૦ જેટલા ઘરોમાં આવતા પીળા રંગના પાણીએ પારાયણ સર્જી છે. છેલ્લા ઘણા દિવસોથી આ વિસ્તારમાં પીળુ,દૂષિત તેમજ દુર્ગંધયુક્ત પાણીનું વિતરણ થઈ રહ્યું છે. જેના કારણે અહીંના લોકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. આ મામલે સ્થાનિકોએ કોર્પોરેશનને અનેક વખત રજૂઆતો કરી છતાં તંત્ર દ્વારા આ સમસ્યાનું કોઈ સમાધાન કરવામાં આવ્યું ન હતુ. શુદ્ધ અને પીવાલાયક પાણી મળવાની રાહ જોતી મહિલાઓ આખરે રોષે ભરાઈ છે. મોટી સંખ્યામાં મહિલાઓએ એકત્ર થઈને માટલા ફોડીને વિરોધ કર્યો છે. આ સાથે જ હાથમાં દૂષિત પાણીની બોટલ રાખી કોર્પોરેશન વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા.

ગોરવાના પ્રગતિ નગર, અનમોલ નગર, રણછોડરાય નગર, શાસ્ત્રી કુંજ, શ્રીહરિનગર, ચંદ્રલોક અને કૈલાશધામ સોસાયટીઓમાં દૂષિત પાણી આવી રહ્યું છે.આ વિસ્તારના કોર્પોરેટર પૂર્વ મેયર કેયુર રોકડીયા છે કે જેઓ સયાજીગંજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય પણ છે. મહિલાઓએ આક્ષેપ કર્યો છે કે કેયુર રોકડિયા દ્વારા આ મુદ્દે સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી.જો સમસ્યા નહીં ઉકેલાય તો આગામી ચૂંટણીમાં મત ન આપવાની ચીમકી પણ મહિલાઓએ ઉચ્ચારી.

વિવાદ બાદ વોર્ડના ભાજપના અન્ય કોર્પોરેટર રાજેશ પ્રજાપતિએ સોસાયટીઓની મુલાકાત લીધી. તેમણે જણાવ્યું કે ડ્રેનેજ લાઇનની કુંડી અને પાણીની લાઈન ભળી જતા સમસ્યા સર્જાઈ છે જે બે દિવસમાં ઉકેલાઈ જશે. વિવાદ બાદ વોર્ડના ભાજપના અન્ય કોર્પોરેટર રાજેશ પ્રજાપતિએ સોસાયટીઓની મુલાકાત લીધી. તેમણે જણાવ્યું કે ડ્રેનેજ લાઇનની કુંડી અને પાણીની લાઈન ભળી જતા સમસ્યા સર્જાઈ છે જે બે દિવસમાં ઉકેલાઈ જશે.

**ગુજરાતના લોકો માટે મોટા સમાચાર**

# સુરત એરપોર્ટને હોંગકોંગની પણ એર કનેક્ટિવિટી મળી

### સુરત એરપોર્ટનું નવું ટર્મિનલ બન્યા બાદ ઈન્ટરનેશનલ ફ્લાઇટના નવા નવા સ્લોટ શરૂ થઈ રહ્યા છે




। સુરત, તા.૧૬ ।

ગુજરાતના લોકો માટે મોટા સમાચાર આવ્યા છે. સુરત એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ એર કનેક્ટિવીટીમાં વધારો થયો છે. પહેલા દુબઈની એર કનેક્ટિવીટી મળ્યા બાદ હવે સુરત એરપોર્ટને હોંગકોંગની પણ એર કનેક્ટિવીટી મળી છે. સુરત એરપોર્ટનું નવું ટર્મિનલ બન્યા બાદ ઈન્ટરનેશનલ ફ્લાઈટના સ્લોટ શરૂ થઈ રહ્યા છે. સૌથી પહેલા એર ઈન્ડિયા એક્સપ્રેસ તરફથી દુબઈની ફ્લાઈટની જાહેરાત કરવામાં આવી હતી, જે ૧૭ ડિસેમ્બરના રોજથી શરૂ થશે. સુરત એરપોર્ટથી દુબઈની ફ્લાઈટ અઠવાડિયામાં ૪ દિવસ ઉડાણ ભરશે. દુબઈની ફ્લાઈટની જાહેરાત બાદ હવે ઈન્ડિગો અને એર ઈન્ડિયાએ સુરતથી હોંગકોંગની ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરી હતી. ઈન્ડિગોની ફ્લાઈટ ડેઈલી હશે જ્યારે એર ઈન્ડિયાની હોંગકોંગની ફ્લાઈટ ત્રણ દિવસ હશે. આ બંને ફ્લાઈટ વાયા દિલ્હી છે. સુરતના આંતરાષ્ટ્રીય પેસેન્જરની હાલાકીમાં ઘટાડો થશે. યુએસ કે યુકે જવા માટે તેમને અન્ય એરપોર્ટ પર જઈ કનેક્ટિવિટી લેવી પડતી હતી. ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે પણ આ અંગે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી. જેમાં લખ્યું છે કે, વિકાસની ઉડાન ભરશે સુરત. સુરત એરપોર્ટ પરથી સુરત-દુબઈ-સુરત અને સુરત-હોંગકોંગ-સુરતની બે ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થવા જઈ રહી છે. આ ફ્લાઈટ શરૂ થતાની સાથે જ સુરતની ઈન્ટરનેશનલ એર કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. રામભક્તો માટે સારા સમાચાર આવ્યા છે. અયોધ્યામાં રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠાને હવે થોડા દિવસો બાકી છે. રામલલ્લાની મંદિરમાં સ્થાપના કરવાને લઈને જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામલલ્લા મંદિરમાં સ્થાપિત કરાશે. આ બધા વચ્ચે ભવ્ય સમારંભને નિહાળવા દેશ-વિદેશથી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા પહોંચશે. ગુજરાતથી આ કાર્યક્રમમાં સામેલ થવા જનારા લોકોને લઈને એક સારા સમાચાર આવ્યા છે. ગુજરાતથી પણ અનેક સંતો-મહંતો અને ભક્તો અયોધ્યા જવાનું પ્લાનિંગ કરી રહ્યા છે ત્યારે અમદાવાદના એરપોર્ટથી અયોધ્યા સુધી નોન સ્ટોપ ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ફ્લાઈટનું સંચાલન ૧૧ જાન્યુઆરીથી થશે. આ બધા વચ્ચે ભવ્ય સમારંભને નિહાળવા દેશ-વિદેશથી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા પહોંચશે. ગુજરાતથી આ કાર્યક્રમમાં સામેલ થવા જનારા લોકોને લઈને એક સારા સમાચાર આવ્યા છે. ગુજરાતથી પણ અનેક સંતો-મહંતો અને ભક્તો અયોધ્યા જવાનું પ્લાનિંગ કરી રહ્યા છે ત્યારે અમદાવાદના એરપોર્ટથી અયોધ્યા સુધી નોન સ્ટોપ ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ફ્લાઈટનું સંચાલન ૧૧ જાન્યુઆરીથી થશે.

**વિશેષ**

**ગુજરાતના યુવાનોમાં ડ્રગ્સનું સેવન ચિંતાજનક રીતે વધ્યુ**

# છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ૨૭ હજાર કિલોથી વધુનું ડ્રગ્સ ઝડપાયું

### નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ દ્વારા વર્ષ ૨૦૨૦માં ૧૧ હજાર ૭૨૫ કિલોગ્રામ ડ્રગ્સ ઝડપાયુ હતુ

। અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતનું યુવાધન ડ્રગ્સના રવાડે ચડી રહ્યુ છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાંથી ડ્રગ્સના જે આંકડા સામે આવ્યા છે તે દર્શાવે છે કે ગુજરાતના યુવાનોમાં ડ્રગ્સનું સેવન ચિંતાજનક હદે વધી રહ્યુ છે. છેલ્લા એક વર્ષમાં જ એ ગુજરાતમાંથી ૨૭ હજાર ૮૩૭ કિલોનું ડ્રગ્સ ઝડપાયુ છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાંથી સૌથી વધુ ૧૨ હજાર ૮૩૮ કિલોગ્રામ અફીણ, ૧૪ હજાર ૮૯૯ કિલોગ્રામ ગાંજો અને ૩૯.૧ કિલોગ્રામ કોકેઈન ઝડપાયુ હતુ. જો કે અફીણના મામલે ૧.૪૬ લાખ કિલોગ્રામ સાથે રાજસ્થાન મોખરે છે. જ્યારે યુપીમાંથી ૧૦.૩૦ લાખ કિલોગ્રામ ગાંજો ઝડપાયો છે. ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરને દરિયાકિનારો ડ્રગ્સ માફિયાઓ માટે સેફ ઝોન બની રહ્યો છે. દરિયાઈ માર્ગેથી સૌથી વધુ ડ્રગ્સની હેરાફેરી



થાય છે.

ગુજરાતમાંથી જપ્ત કરવામાં આવેલા ડ્રગ્સ પૈકી મોટાભાગનું ડ્રગ્સમાં દરિયાઈ માર્ગેથી હેરાફેરી થઈ હોવાનુ સામે આવ્યુ છે. અત્યાર સુધીમાં અલગ અલગ પ્રકારના ડ્રગ્સ ૪૬૭ જેટલા કેસમાં ૭૩૪ આરોપી ઝડપાયા છે. તેમની પાસેથી ૨૭ હજાર ૯૪૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યુ છે. જેની કિંમત ૫૨ અબજ ૫૫ કરોડ ૩૧ લાખ છે.ગુજરાતમાંથી છેલ્લા એક વર્ષ દરમિયાન પકડાયેલા ડ્રગ્સના આંકડા સાબિતી પુરે છે કે ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા છે અને ગુજરાત ડ્રગ્સનું હબ બની રહ્યુ છે. જેમા અમદાવાદમાં સૌથી વધુ મળી આવવાના કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં અંદાજે ૨.૩૬ લાખ પુરુષો અફીણ ૧.૪૯ લાખ મહિલા દ્વારા અફીણનું સેવન કરવામાં આવતુ હોવાનુ એક અભ્યાસમાં સામે આવ્યુ છે.

ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરને દરિયાકિનારો ડ્રગ્સ માફિયાઓ માટે સેફ ઝોન બની રહ્યો છે. દરિયાઈ માર્ગેથી સૌથી વધુ ડ્રગ્સની હેરાફેરી થાય છે. ગુજરાતમાંથી જપ્ત કરવામાં આવેલા ડ્રગ્સ પૈકી મોટાભાગનું ડ્રગ્સમાં દરિયાઈ માર્ગેથી હેરાફેરી થઈ હોવાનુ સામે આવ્યુ છે. અત્યાર સુધીમાં અલગ અલગ પ્રકારના ડ્રગ્સ ૪૬૭ જેટલા કેસમાં ૭૩૪ આરોપી ઝડપાયા છે. તેમની પાસેથી ૨૭ હજાર ૯૪૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યુ છે. જેની કિંમત ૫૨ અબજ ૫૫ કરોડ ૩૧ લાખ છે.

ગુજરાતમાંથી છેલ્લા એક વર્ષ દરમિયાન પકડાયેલા ડ્રગ્સના આંકડા સાબિતી પુરે છે કે ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા છે અને ગુજરાત ડ્રગ્સનું હબ બની રહ્યુ છે. જેમા અમદાવાદમાં સૌથી વધુ મળી આવવાના કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં અંદાજે ૨.૩૬ લાખ પુરુષો અફીણ ૧.૪૯ લાખ મહિલા દ્વારા અફીણનું સેવન કરવામાં આવતુ હોવાનુ એક અભ્યાસમાં સામે આવ્યુ છે. ગુજરાતમાંથી છેલ્લા એક વર્ષ દરમિયાન પકડાયેલા ડ્રગ્સના આંકડા સાબિતી પુરે છે કે ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા છે અને ગુજરાત ડ્રગ્સનું હબ બની રહ્યુ છે. જેમા અમદાવાદમાં સૌથી વધુ મળી આવવાના કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં અંદાજે ૨.૩૬ લાખ પુરુષો અફીણ ૧.૪૯ લાખ મહિલા દ્વારા અફીણનું સેવન કરવામાં આવતુ હોવાનુ એક અભ્યાસમાં સામે આવ્યુ છે.

## ન્યુઝ બોક્ષ



### ખતરો સમજીને ગાઝામાં પોતાના જ 3 નાગરિકોને ગોળી મારી દીધી

। જેરૂસાલેમ, તા.૧૬ ।

ગાઝામાં ચાલી રહેલા યુદ્ધની વચ્ચે ઈઝરાયલી સુરક્ષાકર્મીઓથી એક મોટી ભુલ થઈ ગઈ છે. આઈડીએફના પ્રવક્તા ડેનિયલ હાગારીએ જણાવ્યું કે ઈઝરાયલી સુરક્ષા દળ (IDF)એ ૭ ઓક્ટોબરના હુમલા બાદ હમાસ દ્વારા બંધક બનાવેલા પોતાના જ ત્રણ નાગરીકોને ખતરો સમજીને તેમના પર ગોળીબાર કરી દીધો. આ ઘટનામાં ત્રણેય નાગરીકોના મોત થઈ ગયા. ડેનિયલ હગારીએ કહ્યું કે આઈડીએફ આ દુખદ ઘટનાની જવાબદારી લે છે. તેમણે કહ્યું, ‘‘આ ઘટના તે ક્ષેત્રમાં થઈ જ્યાં ઈઝરાયલી સૈનિકોએ આત્મધાતી હુમલાવરો સહિત ઘણા આતંકવાદીઓનો સામનો કર્યો.’’ ત્રણ ઈઝરાયલી બંધકોમાંથી બેની ઓળખ યોતમ હેમ અને સમર તલાલ્કના રૂપમાં થઈ છે. હેમને કેફાર અઝાથી બંધક બનાવવામાં આવ્યો હતો અને સમર તલાલ્કાનું નિરઆમથી અપહરણ થયું હતું.

હાગારીના ત્રીજા બંધકના પ રિવારના અનુરોધના કારણે તેમનું નામ બહાર પાડવામાં નથી આવ્યું. ત્રણ બંધક હમાસની કેદથી કેવી રીતે છુટ્યા હતા તે પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, ‘‘ત્રણેય બચીને ભાગવામાં સફળ રહ્યા અને આતંકવાદીઓએ તેમને છોડી દીધા.’’ આઈડીએફ પ્રવક્તાએ કહ્યું કે ગોળીબારીમાં ત્રણના મોત બાદ સૈનિકોને તેમની ઓળખ વિશે શંકા ગઈ. તેમના મૃ તદેહોને તરત તપાસ માટે ઈઝરાયલમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. જ્યાં તેમની ઓળખ ઈઝરાયલી નાગરિકોના રૂપમાં થઈ તેમણે હમાસના બંધક બનાવી લીધા હતા. ડેનિયલ હગારીએ કહ્યું, ‘‘આ અમારા બધા માટે એક દુખદ અને દર્દનાક ઘટના છે.



### મુખ્યમંત્રીનું પદ સંભાળતાની સાથે જ એક્શન મોડમાં ભજનલાલ શર્મા

। જયપુર, તા.૧૬ ।

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ કહ્યું કે પેપર લીક કાંડમાં આરોપીઓને કડકમાં કડક સજા આપ વી જોઈએ. તેની સાથે જ અપરાધના સામે કાર્યવાહી માટે એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સનું ગઠન કરવામાં આવે. રાજસ્થાનના નવા મુખ્યમંત્રી ભજન લાલ શર્મા શપથ લેતાની સાથે જ એક્શનમાં જોવા મળી રહ્યા છે. તેમણે પેપર લીક મામલામાં ખાસ તપાસ સમિતિની રચનાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું છે કે ભવિષ્યમાં પેપર લીકની ઘટના ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ભજન લાલ શર્માનું કહેવું છે કે આ મામલામાં અપરાધિઓને કડકમાં કડક રજા આપવામાં આવે. તેની સાથે જ સંગઠિત ગુનામાં કાર્યવાહી માટે એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સનું ગઠન કરવામાં આવશે. તેમણે કહ્યું કે અમે પ્રધાનમંત્રી મોદીની ગેરેન્ટી અને અમારા ઘોષણાપત્રનું સંપૂર્ણ રીતે પાલન કરતા કામ કરીશુ. અમે તે સમસ્યાઓ પર કામ કરીશુ. જેનાથી દેશની જનતા ત્રસ્ત છે. અમે અંત્યોદય યોજના હેઠળ કામ કરીશું. રાજસ્થાનમાં પેપર લીકને લઈને રાજકારણ ગરમાયેલું છે. એક અનુમાન અનુસાર રાજ્યમાં છેલેલા ચાર વર્ષમાં પેપર લીકના ૧૦થી વધારે કેસ સામે આવી ચુક્યા છે. ગયા મહિને જ રાજસ્થાન લોક સેવા આયોગે પેપર લીકના કારણે ગ્રુપ-એ અને ગ્રુપ-બીની સીનિયર ટીચર ભરતી પરીક્ષાને રદ્દ કરે છે. તેનું સામાન્ય જ્ઞાનનું પેપર ડિસેમ્બર ૨૦૨૨માં થઈ ચુક્યું છે પ રંતુ પેપર લીકના કારણે આયોગે તેને રદ્દ કર્યું છે. હવે આ પેપર ૩૦ જુલાઈએ થશે. રાજસ્થાનમાં પેપર લીકના મામલા એટલા વધી ગયા છે કે કોંગ્રેસને પડકાર મળવા લાગ્યો. પૂર્વ ડેપ્ટી સીએમ સચિન પાયલટ ઘણી વખત મોટી માછલીઓના વિરૂદ્ધ કાર્યવાહીની માંગ કરી ચુક્યા છે.

#### આ યોજનાઓથી લાખો લોકોને લાભ થયો છે

# વર્ષ ૨૦૨૩માં ઘણી સરકારી યોજનાઓએ મચાવી ધૂમ

**તેમાં પ્રધાનમંત્રી આવસ યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના સામેલ છે**

। નવી દિલ્હી, તા.૧૬ ।



દેશમાં મોદી સરકારના કામકાજને અનેક દ્રષ્ટિકોણથી જોઈ શકાય છે. આર્થિક દ્રષ્ટિકોણથી સરકારે અનેક સફળતાઓ મેળવી છે. ભારતની અર્થવ્યવસ્થા દુનિયાની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે અને પ્રતિ વ્યક્તિ આવકમાં પણ વધારો થયો છે. સરકારે ઔદ્યોગિકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ ઉપર પણ ભાર મૂક્યો છે. જેનાથી રોજગારની તકોમાં વધારો થયો છે. લોકોને ધ્યાનમાં રાખીને સરકારે અનેક નવી પહેલ કરી છે જેનો હેતુ ગરીબો અને વંચિતોની મદદ કરવાનો છે. તેમાં પ્રધાનમંત્રી આવસ યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના સામેલ છે. આ યોજનાઓથી લાખો લોકોને લાભ થયો છે. હવે જ્યારે વર્ષ ૨૦૨૩ સમાપ્તિ તરફ છે તો આવામાં જાણીએ કે આ વર્ષે મોદી સરકારની કઈ મોટી યોજનાઓ આવી જેની ચર્ચા લોકોમાં ખુબ થઈ છે. પીએમ વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના : સપ્ટેમ્બરમાં વિશ્વકર્મા જયંતીના અવસરે આ યોજનાની શરૂઆત થઈ. આ યોજનાનું નામ પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના છે. ભારત સરકારે આ યોજનાની જાહેરાત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટને રજૂ કરતા કરી હતી. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન યોજનાને ખાસ કરીને દેશના શિલ્પકારો અને કારીગરોને આર્થિક મદદ આપવા માટે શરૂ કરવામાં આવી રહી છે. આ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૭-૨૮ સુધીમાં ૧૩ હજાર કરોડ રૂપિયાના ખર્ચાની જોગવાઈ કરાઈ છે. મહિલા સન્માન બચત યોજના : મોદી સરકારે મહિલાઓને આ ભેટ આપતા મહિલા સન્માન બચત પત્ર નામની નવી યોજના રજૂ કરી હતી. જે હેઠળ મહિલાઓ ૨ લાખ રૂપિયા સુધી રોકાણ કરી શકે છે. આ યોજના હેઠળ અપાનારા વ્યાજદર ૭.૫ ટકા પ્રતિ વર્ષ છે. જે ત્રિમાસિકના આધારે અપાય છે. આ ઉપરાંત મેચ્યોરિટી પીરિયડ ૨ વર્ષ નક્કી કરાયો છે. મહિલા સન્માન બચત પત્ર યોજના સરકાર તરફથી મહિલાઓ માટે ચલાવવામાં આવતી ખાસ યોજના છે. આ એવી ડિપોઝિટ સ્કીમ છે જેમાં મહિલાઓને સારું વ્યાજ અપાય છે. પીએમ પ્રણામ યોજના : પીએમ પ્રણામ યોજનાનો હેતુ દેશમાં રાસાયણિક ખાતરના ઉપયોગને ઓછો કરવાના વૈકલ્પિક ખાતરોને ખેતીમાં પ્રોત્સાહિત કરવાનો છે. તેનાથી સરકાર પર સબસિડીનો બોજો ઓછો થશે અને ખેતીમાં અન્ય ખાતરના ઉપયોગથી ખેતીની ગુણવત્તા પણ સારી થશે. તેનાથી ખેડૂતોને પણ ફાયદો થશે કારણ કે તેનાથી ખેતીનો ખર્ચો ઓછો થઈ શકે છે.

#### નેશનલ ઈન્શ્યોરન્સ એકેડમીના રિપોર્ટ દ્વારા ખુલાસો

# ભારતની માત્ર પાંચ ટકા વસતી પાસે જ વીમો છે

**સરકાર અને વીમા નિયમનકાર ઈરડાના તમામ પ્રયત્નો છતાં લોકો વીમા કરાવવાને મહત્વ આપી રહ્યા નથી**

। નવી દિલ્હી, તા.૧૬ ।




ભારતની માત્ર ૫ ટકા વસતીની પાસે જ વીમો છે. હજુ પણ દેશની ૯૫ ટકા વસતી વીમાને મહત્વ આપી રહી નથી. આ ચોંકાવનારો ખુલાસો નેશનલ ઈન્શ્યોરન્સ એકેડમીના રિપોર્ટ દ્વારા થયો છે. સરકાર અને વીમા નિયમનકાર ઈરડાના તમામ પ્રયત્નો છતાં લોકો વીમા કરાવવાને મહત્વ આપી રહ્યા નથી. આ અસફળતાના કારણે દેશના ૧૪૪ કરોડ લોકોના જીવ અને સંપત્તિ પર સતત જોખમ બની રહે છે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન દેવાશીષ પાંડાએ આ રિપ ોર્ટ જારી કરતા વીમા કંપનીઓને વધુ શ્રેષ્ઠ પ્રયત્નની અપીલ કરી. રિપોર્ટ અનુસાર દેશની ૯૫ ટકા વસતીની પાસે વીમો નથી. તેથી કુદરતી આફતો અને આબોહવા સંબંધિત અન્ય આપત્તિઓના કારણે જોખમ મંડરાયેલુ રહે છે. વીમા કંપનીઓએ પોતે પ્રસાર કરવો પડશે. નિમ્ન અને મધ્યમ આવક વર્ગના ૮૪ ટકા લોકો અને દરિયાકાંઠાના વિસ્તારો, સેકન્ડ અને થર્ડ કેટેગરીના શહેરોના ૭૭ ટકા લોકોની પાસે વીમો નથી. રિપોર્ટ અનુસાર ૭૩ ટકા વસતીની પાસે હજુ સુધી આરોગ્ય વીમો પણ નથી. આઈઆરડીએઆઈએ ઈન્ડસ્ટ્રીને કહ્યુ કે તેઓ તે પગલા પર ધ્યાન આપે, જેની મદદથી યૂપીઆઈ, બેંક એકાઉન્ટ અને મોબાઈલને સમગ્ર દેશમાં ફેલાવવામાં આવી શકે. પાંડાએ કહ્યુ કે હાઈ રિસ્ક વાળા વિસ્તારોમાં કુદરતી આપત્તિ વીમાને જરૂરી કરવાની જરૂર છે. રિપોર્ટમાં તેની ભલામણ પણ કરવામાં આવી છે. તમામ માટે ઈન્શ્યોરન્સના ટાર્ગેટને પ્રાપ્ત કરવા માટે આવુ કરવુ જરૂરી છે. ભારતમાં હજુ ૩૪ સામાન્ય વીમા કંપનીઓ અને ૨૪ જીવન વીમા કંપનીઓ કામ કરી રહી છે. વીમા ક્ષેત્ર ખૂબ મોટુ છે. આ ૧૫-૨૦ ટકાની ઝડપથી વધી રહ્યુ છે. આઈઆરડીએઆઈ અનુસાર બેંક્કિંગ સેવાઓની સાથે વીમા સેવાઓ દેશની જીડીપીમાં લગભગ ૭ ટકાનું યોગદાન કરે છે. એક સારા પ્રકારે વિકસિત વીમા ક્ષેત્ર આર્થિક વિકાસ માટે ખૂબ જરૂરી છે. વીમા ક્ષેત્ર ખૂબ મોટુ છે. આ ૧૫-૨૦ ટકાની ઝડપથી વધી રહ્યુ છે. આઈઆરડીએઆઈ અનુસાર બેંક્કિંગ સેવાઓની સાથે વીમા સેવાઓ દેશની જીડીપીમાં લગભગ ૭ ટકાનું યોગદાન કરે છે. એક સારા પ્રકારે વિકસિત વીમા ક્ષેત્ર આર્થિક વિકાસ માટે ખૂબ જરૂરી છે.

#### ૨૮મીએ નાગપુરમાં ૧૦ લાખ કાર્યકરો એકઠા થશે

# કોંગ્રેસના સ્થાપના દિવસે ૨૦૨૪ માટે શંખનાદ ફૂંકાશે

**નાગપુર રેલીમાં રાજ્યભરમાંથી ૧૦ લાખથી વધુ કાર્યકરો ભાગ લેશે : મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલેનો દાવો**

। નાગપુર, તા.૧૬ ।



કોંગ્રેસના સ્થાપના દિવસ પર નાગપુરમાં મેગા રેલી યોજાશે. ૨૮મી ડિસેમ્બરે યોજાનારી આ મેગા રેલીમાં કોંગ્રેસના ૧૦ લાખ કાર્યકરો હાજર રહેશે. આ મેગા રેલીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, કોંગ્રેસ વર્કિંગ કમિટીના તમામ સભ્યો હાજર રહેશે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહાસચિવ કેસી વેણુગોપ ાલે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓ સાથેની બેઠકમાં આ માહિતી આપી હતી.

કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું કે લોકો કોંગ્રેસની સાથે છે. પાર્ટીની વોટ ટકાવારી વધી રહી છે. આ રાજ્યની ચૂંટણીના પરિણામો પરથી જોઈ શકાય છે. પાર્ટીના નેતાઓને મળ્યા બાદ વેણુગોપ ાલે કહ્યું કે નાગપુરમાં ભવ્ય રેલીને અમારા પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અન્ય સંબોધિત કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પાર્ટીના નેતાઓએ માંગ કરી હતી કે કેન્દ્રીય નેતૃત્વએ મહારાષ્ટ્ર, ખાસ કરીને વિદર્ભ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જ્યાં પાર્ટી માટે ચૂંટણીની સંભાવનાઓ ઉજ્જવળ છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલેએ દાવો કર્યો હતો કે નાગપુર રેલીમાં રાજ્યભરમાંથી ૧૦ લાખથી વધુ કાર્યકરો ભાગ લેશે. પટોલેએ કહ્યું કે લોકસભાની ચૂંટણી માત્ર ત્રણ મહિના દૂર છે. આ ભવ્ય રેલી તમામ હોદ્દેદારોને તે ચૂંટણી જીતવા માટે ઉત્સાહિત કરશે. આપને જણાવી દઈએ કે આ રેલીને ચૂંટણી રેલીનો શંખનાદ માનવામાં આવી રહ્યો છે. ૨૮ ડિસેમ્બરે કોંગ્રેસનો ૧૩૯મો સ્થાપના દિવસ હશે. આ દિવસથી પાર્ટી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે તેના પ્રચારની શરૂઆત કરશે.

મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮ બેઠકો છે અને તે બેઠકોની સંખ્યાની દ્રષ્ટિએ ઉત્તર પ્રદેશ પછી બીજું સૌથી મોટું રાજ્ય છે. ગયા મહિને યોજાયેલી મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ કોંગ્રેસની આશા મહારાષ્ટ્ર પર ટકેલી છે. તમને જણાવી દઈએ કે ઉદ્ધવ ઠાકરે જૂથ અને શરદ પવારની એનસીપીના મજબૂત સમર્થનથી, કોંગ્રેસ આગામી સામાન્ય ચૂંટણીઓમાં તેના પ્રદર્શનમાં સુધારો કરે તેવી અપેક્ષા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે રાહુલ ગાંધી ભારત જોડો યાત્રાના બીજા તબક્કાની શરૂઆત કરશે.

#### અમેરિકન વ્યક્તિ તેના લગ્ન અને બાળકોથી સમાચારમાં

# મારા પિતાને છ પત્ની ૪૫ બાળકો હતા : મહિલાનો ખુલાસો

**મહિલા તેના પિતાની ૩૮મી પુત્રી છે, તેણે દાવો કર્યો છે કે તેની માતાએ કુલ ૧૨ બાળકોને જન્મ આપ્યો છે**

। વોશિંગ્ટન, તા.૧૬ ।



એક અમેરિકન વ્યક્તિ તેના લગ્ન અને બાળકોના કારણે સમાચારમાં છે. એક મહિલાએ ખુલાસો કર્યો છે કે તેના પિતાને માત્ર એક કે બે નહીં પરંતુ છ પત્નીઓ હતી, જેમાંથી તેને કુલ ૪૫ બાળકો હતા. તે તેના પિતાની ૩૮મી પુત્રી છે. તેણે દાવો કર્યો છે કે તેની માતાએ કુલ ૧૨ બાળકોને જન્મ આપ્યો છે.

લગ્નને એક પવિત્ર બંધન માનવામાં આવે છે, જેમાં કોઈ લગ્ન કરે તો જીવનભર તેની પવિત્રતા જાળવી રાખવી જરૂરી છે. જો કે, આ પવિત્ર બંધનને લઈને વિશ્વભરમાં વિવિધ પ્રકારની માન્યતાઓ પ્રચલિત છે. ઘણા લોકો ફક્ત એક લગ્નથી ખુશ છે, જ્યારે ઘણા લોકો એવા છે જેઓ ઘણા લગ્ન કરે છે. હાલમાં જ એક વ્યક્તિ એક સાથે ૯ લગ્ન કરીને ચર્ચામાં આવી હતી. હવે એક અમેરિકન વ્યક્તિ સમાચારમાં છે. તેમની પુત્રીએ એવા રહસ્યો ખોલ્યા છે કે જેના વિશે જાણીને લોકો પણ ચોંકી જાય છે.

મહિલાનું નામ એશલી સેન્ડમાયર છે. એશલીએ તેના પિતા અને તેના મોટા પરિવાર વિશે ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. તેણે જણાવ્યું કે તેના પિતાએ ૬ લગ્ન કર્યા હતા, જેમાં તેમને કુલ ૪૫ બાળકો હતા.

એશલી પણ તેમાંથી એક છે. ધ સનના અહેવાલ મુજબ, એશલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટિકટોક પર એક વીડિયો શેર કર્યો છે અને તેના પિ તા વિશે જણાવ્યું છે. તે કહે છે કે તેના પિતા બહુપ ત્નીત્વ ધર્મ એટલે કે બહુવિધ લગ્નોમાં માનતા હતા. આથી તેણે ૬ લગ્ન કર્યા હતા.

એશલીએ જણાવ્યું કે તેની માતાએ કુલ ૧૨ બાળકોને જન્મ આપ્યો હતો, જ્યારે તેના પિતાની અન્ય પત્નીઓએ પણ ઘણા બાળકોને જન્મ આપ્યો હતો, જેનાથી તે કુલ ૪૫ ભાઈ-બહેન બની હતી. તે તેના પિતાની ૩૮મી પુત્રી છે. તેના ભાઈ-બહેનોમાં સૌથી મોટો ૫૫ વર્ષનો છે, જ્યારે સૌથી નાનો ૧૨ વર્ષનો છે. એશલીના જણાવ્યા મુજબ, અગાઉ તેના પિતા અને તેની તમામ પત્નીઓ અને તેમના તમામ બાળકો અમેરિકાના નેવાડામાં સાથે રહેતા હતા, પ રંતુ જ્યારે એશલી માત્ર બે વર્ષની હતી ત્યારે તેમનો આખો પરિવાર તૂટી ગયો હતો. આવી સ્થિતિમાં તે તેની માતા સાથે ઉટાહમાં રહેવા લાગી.

#### વિશ્વનું સૌથી મોટું કુરાન રાખવામાં આવશે

# મક્કાના ઈમામ અયોધ્યામાં મસ્જિદનું શીલારોપણ કરશે

**અયોધ્યામાં રામ મંદિર તૈયાર થઈ જવા આવ્યું છે ત્યારે ૨૫ કિલોમીટર દૂર એક મસ્જિદનું કામ શરૂ થવાનું છે**

। લખનૌ, તા.૧૬ ।

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ પૂર્ણ થવા આવ્યું છે અને આગામી મહિને તેમાં પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે અયોધ્યા કેસમાં મંદિરની સાથે સાથે એક મસ્જિદ બાંધવા માટે પણ જમીન ફાળવવામાં આવી છે. આ મસ્જિદનું શીલારોપણ કરવા માટે મક્કાના ઈમામ આવવાના છે. અયોધ્યાથી ૨૫ કિમી દૂર ધન્નીપુરમાં આ ભવ્ય મસ્જિદનું બાંધકામ કરવામાં આવશે. આ મસ્જિદમાં વિશ્વનું સૌથી મોટું કુરાન રાખવામાં આવશે અને ઈસ્લામના પાંચ સિદ્ધાંતોના પ્રતિકરુપે અહીં પાંચ મિનારા હશે.

આ ઉપરાંત અહીં એક કેન્સર હોસ્પિટલ, શાળાઓ, મ્યુઝિયમ, લાઈબ્રેરી અને એક વેજિટેરિયન કિચન પણ હશે. આ મસ્જિદમાં એક વિશાળ એક્વેરિયમ અને ફાઉન્ટન પણ બનાવવામાં આવશે જે સાંજની નમાજના સમયે ચાલુ કરાશે. અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવ્યા પછી તેના બદલામાં એક અલગ જગ્યાએ મસ્જિદ મોહમ્મદ બિન અબ્દુલ્લાનું નિર્માણ કરવામાં આવશે. તેનું શીલારોપણ મક્કાની મસ્જિદના ઈમામ-એ-હરામ દ્વારા કરવામાં આવશે જેઓ મક્કાની પવિત્ર મસ્જિદમાં પણ નમાજ પઢાવે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધિન રહીને ઉત્તર પ્રદેશ સરકારે મુસ્લિમોને આ પ્લોટ આપ્યો છે જે અયોધ્યાથી લગભગ ૨૫ કિમીના અંતરે છે. મસ્જિદ મુહમ્મદ બિન અબ્દુલ્લાના ચેરમેન અને મુંબઈ સ્થિત ભાજપના નેતા હાજી અરાફત શેખે જણાવ્યું કે અયોધ્યામાં બની રહેલી મસ્જિદ આખા ભારતમાં સૌથી મોટી હશે અને અહીં વિશ્વનું સૌથી મોટું કુરાન પણ હશે જેની લંબાઈ ૨૧ ફૂટ અને ૫ હોળાઈ ૩૬ ફૂટ હશે. જુલાઈ ૨૦૨૦માં રચાયેલા ઈન્ડો-ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશને શરૂઆતમાં અયોધ્યાની મસ્જિદના બાંધકામનું કામ લીધું હતું. પરંતુ ઓક્ટોબરમાં મૌલવીઓની એક મિટિંગ મળી હતી જેમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે આ મસ્જિદને મસ્જિદ મુહમ્મદ બિન અબ્દુલ્લા નામ આપવામાં આવશે.

#### ૩૫૦ કરોડથી વધુ રોકડ જપ્ત થવાનો મામલો

# કોંગ્રેસ સાંસદ ધીરજ સાહુની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી

**જે પૈસા મળી આવ્યા છે, તેમાં કોંગ્રેસ કે અન્ય કોઈ વિપક્ષી દળના કોઈ પૈસા નથી**

। નવી દિલ્હી, તા.૧૬ ।



કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ સાહુએ દરોડા દરમિયાન મળેલા ૩૫૦ કરોડથી વધુના મામલામાં પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે આ મારા પૈસા નથી અને તેનાથી કોંગ્રેસને કોઈ લેવા દેવા નથી.

આવકવેરા વિભાગના દરોડાને લઈને કહ્યું- જે પૈસા મળી આવ્યા છે, જેમાં કોંગ્રેસ કે અન્ય કોઈ વિપક્ષી દળના કોઈ પૈસા નથી. કારણ વગર બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ધીરજ સાહુએ કહ્યું- આ પૈસા સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ મારા પરિવારના પૈસા છે. અમારો પરિવાર ખુબ મોટો છે તો આ પૈસા તે લોકોના છે. હજુ આવકવેરા વિભાગ તરફથી એવું કહેવામાં આવ્યું નથી કે આ પૈસા ગેરકાયદેસર છે. તેવામાં તેના પર કંઈ કહેવું ઉતાવળ ગણાશે.

હકીકતમાં આઈટીએ ધીરજ સાહુના પરિવારની માલિકીવાળી ઓડિશાની દારૂ કંપની વિરુદ્ધ પોતાની કાર્યવાહી હેઠળ રાંચીમાં તેના આવાસમાં દરોડા પાડ્યા હતા. જે જગ્યા પર આઈટીએ રેડ કરી તે સાહુનું સંયુક્ત પ ારિવારિક આવાસ છે. તેમાં ૩૫૦ કરોડથી વધુ રૂપિયા મળી આવ્યા છે.

ધીરજ સાહૂએ કહ્યું- આજે જે થઈ રહ્યું છે તે મને દુખી કરે છે. હું સ્વીકાર કરુ છું કે જે પૈસા મળ્યા છે તે મારી ફર્મના છે. જે રોકડ જપ્ત થઈ છે તે મારી દારૂની ફર્મો સંબંધિત છે.

પૈસા મારા નથી, આ મારા પરિવાર અને અન્ય સંબંધિત ફર્મોના છે. આઈટી વિભાગે દરોડા પાડ્યા છે. હું દરેક વસ્તુનો જવાબ આપીશ.

## તંત્રી લેખ...

# કોંગ્રેસ ત્રણેય રાજ્યોમાં મળેલ પરાજયથી કોઈ યોગ્ય બોધપાઠ લેવા તૈયાર નથી


એ દુઃખદ છે કે સંસદના શિયાળુ સત્રના પહેલા જ દિવસની શરૂઆત હોબાળા સાથે થઈ. તેની કોઈ જરૂર ન હતી. લોકસભામાં થયેલ હોબાળા-હંગામાથી એ સ્પષ્ટ થઈ ગયું કે વિપક્ષે વડાપ્રધાનની એ વાત પર ધ્યાન આપવું જરૂરી ન માન્યું કે વિધાનસભા ચૂંટણીઓમાં પરાજયનો ગુસ્સો સંસદમાં ન ઉતારશો. તેમણે વિપક્ષને નકારાત્મક રાજકારણનો ત્યાગ કરવાનો આગ્રહ કરતાં એ પણ કહ્યું કે તેઓ સકારાત્મકતાનો સાથ આપે. એ તો સમજાય છે કે વિપક્ષને વડાપ્રધાનની આ સલાહ ગમી ન હોય, પરંતુ તેણે અને વિશેષ રૂપે કોંગ્રેસે એની અવગણના ન કરવી જોઈએ કે મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં તેની હારનું એક મોટું કારણ તેની નકારાત્મક રાજનીતિ પણ રહી. કોંગ્રેસ આ ત્રણેય રાજ્યોમાં મળેલ પરાજયથી કોઈ યોગ્ય બોધપાઠ લેવા તૈયાર નથી, તેનું પ્રમાણ એના પરથી મળે છે કે તેના નેતાઓએ તેલંગણામાં પોતાની જીતના આધાર પર ઉત્તર વિરુદ્ધ દક્ષિણની ચર્ચાને હવા આપવાનું શરૂ કરી દીધું. તેને વિભાજનકારી અને નકારાત્મક રાજનીતિ સિવાય બીજું કશું જ ન કહી શકાય. જેમ કે જાતિ, સંપ્રદાયના આધાર પર સમાજને વહેંચનારી રાજનીતિ દેશ માટે હિતકારી નથી, એવી જ રીતે ઉત્તર વિરુદ્ધ દક્ષિણ ભારતની રાજનીતિ પણ યોગ્ય નથી. જો કોંગ્રેસ એ સાબિત કરવા માંગતી હોય કે ભાજપનો દક્ષિણ ભારતમાં કોઈ પ્રભાવ નથી અને આ હિસ્સાના લોકો તેને પસંદ નથી કરતા તો એ તેની ભૂલ જ છે. તે એની જાણીજોઈને અવગણના કરી રહી છે કે ભાજપે જ્યાં તેલંગણામાં આઠ સીટો પર જીત હાંસલ કરવાની સાથે પોતાની મત ટકાવારી બેગણી કરવામાં સફળતા મેળવી, ત્યાં જ કર્ણાટકમાં તે મુખ્ય વિપક્ષી દળ છે. સમજવું મુશ્કેલ છે કે કોંગ્રેસ તેની અવગણના કેમ કરી રહી છે કે પાછલી લોકસભા ચૂંટણીમાં કર્ણાટકની ૨૮માંથી ૨૫ સીટો પર ભાજપે જીત હાંસલ કરી હતી? કોંગ્રેસે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીની સત્તામાં પણ ભાજપ ભાગીદાર છે. તમિલનાડુ અને કેરળમાં પણ તેનો પ્રભાવ વધી રહ્યો છે. વડાપ્રધાને વિપક્ષને જેવી સલાહ સંસદનું સત્ર શરૂ થતાં પહેલાં આપી, એ જ રીતે તેમણે ત્રણ રાજ્યોમાં જીત બાદ ભાજપ મુખ્યાલયમાં પોતાના કાર્યકર્તાઓને સંબોધિત કરતાં પણ આપી હતી. તેમણે કહ્યું હતું કે હવે દેશની જનતા ભ્રષ્ટાચાર, તુષ્ટીકરણ અને પરિવારવાદની રાજનીતિને પસંદ નથી કરી રહી. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે ત્રણ રાજ્યોનાં ચૂંટણી પરિણામો નકારાત્મક રાજનીતિ કરનારાઓને સુધરી જવાની ચેતવણી આપી રહ્યા છે. ખબર નહીં કોંગ્રેસ અને તેની સાથે ઊભેલા રાજકીય પક્ષો એ ચેતવણી પર ધ્યાન આપવા તૈયાર છે કે નહીં, પરંતુ કમ સે કમ તેમણે રાષ્ટ્રીય હિતોને આઘાત પહોંચાડવાની કે પછી દેશવિરોધી તાકાતોને બળ આપનારી રાજનીતિથી તો દૂર જ રહેવું જોઈએ. સરકારનો વિરોધ કરતાં કરતાં જાણે-અજાણે દેશ વિરોધની સીમા સુધી પહોંચી જવું યોગ્ય નથી.

# લગ્ન વખતે ગમે તેટલું સારું મૂહુર્ત જોયું હોય, પણ લગ્ન તો પતિ પત્ની બંનેની અંડરસ્ટેડીઅંગથી જ ચાલે!



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



તા ૧૩/૧૨ /૨૦૨૩ સંસદ ભવનમાં બે યુવાનો દ્વારા ગેસ સ્પ્રે કરીને હોબાળો મચાવ્યો! અને એ મુદે ૧૪ સંસદ સભ્યો ને બરતરફ કરવામાં આવ્યાં છે. જ્ઞાનવાપી મસ્જિદ પછી હવે મથુરાની મસ્જિદનો પણ વૈજ્ઞાનિક સરવે થશે. સેન્સેક્સ અને નિફ્ટી ઓલ ટાઈમ હાઈ સપાટીએ. યુએસ ફેડે વ્યાજ દર યથાવત્ રાખતાં ભારતીય શેરબજારોમાં ફૂલગુલાબી તેજી! નાગરિકો આરોપીઓ સાથે ટોર્ચરીંગ થતુ રોકવા સુપ્રીમનો આદેશ, તથા ગુજરાતના પોલીસ સ્ટેશનમાં સીસીટીવી મુદ્દે ઠાગાઠૈયા. કેયુર પટેલ એક વર્ષથી મુંબઈમાં છુપાયો હતો કબૂતરબાજીના કેસમાં બોબી પટેલ નો સાથી કેયુર પટેલ વિસનગરથી ઝડપાયો. ચીની વાયરસને પગલે ગુજરાતમાં એલર્ટ જાહેર, ૧૯મી ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં મોક ડ્રીલ યોજાશે. શિક્ષણ ગૃહ આરોગ્ય અને કાયદા વિભાગ માટે નવી નીતિ અધિકારી કર્મચારીને ફરજિયાત તાલીમ આપવા વિભાગોને નાણાં ફાળવવા હુંકામ! મેડિકલ કોલેજોમાં બાયોમેટ્રિક સિસ્ટમ છતા સ્ટાફની હાજરીમાં ગોટાળા. ક્રિપ્ટો ખરીદીના બહાને સુરતમાં યુવાન સાથે ઠગાઈ. ફૂડ વધતા વિશ્વ બજારમાં ખાદ્યતેલો ઉચકાયા આયાત તેલમાં મિશ્ર હવામાન. ગાર્ડન પર મહાભિયોગના સંકટ વચ્ચે ટ્રંપની લોકપ્રિયતા વધતા ૨૦૨૪ની ચૂંટણીના સમીકરણો બદલાશે! દુનિયાના ૧૯૫ દેશો વચ્ચે સહમતી સંધાઈ, કોલસો પેટ્રોલ ડીઝલ નેચરલ ગેસના યુગના અંતનો આરંભ થઈ ચૂક્યો છે. સૂર્ય કુમારના ૧૦૦ રન સાથે ભારતે સાઉથ આફ્રિકા સામે વિજય મેળવ્યો. લદાખ અમારુ ભારતની સુપ્રીમ કોર્ટનો ચુકાદો નહીં સ્વીકારીએ, ચીનની શેખી. ગુજરાતમાં આજે ૫૦૦૦ થી વધુ લગ્ન યોજાશે! આવતીકાલથી ધનારક કમુરતા લગ્નદી માંગલિક કાર્યોને બ્રેક!

હિન્દુ સંસ્કૃતિમાં કમુરતાને બહુ મહત્ત્વમાં દેવામાં આવે છે અને ૧૬ ડિસેમ્બર થી ૧૪ જાન્યુઆરીના સમયગાળાને કમુરતા કહેવામાં આવે છે. ૫૦૦૦ યુગલો આજના દિવસે સપ્તપદીના સાત ફેરા ફરી વચને બંધાયા છે અને નવેમ્બર થી આ સમયગાળા દરમિયાન બીજા કેટલા એ લગ્ન થયા હશે! પરંતુ બીજી બાજુ એક સર્વે મુજબ માત્ર દિલ્હીમાં દર વર્ષે ૮ થી ૧૦ યુગલો ડિવોર્સ લે છે. ગ્લોબલ ઈન્ડેક્સ ના ટાઈમ ટેબલ મુજબ દરેક દેશોમાં ડિવોર્સ નું પ્રમાણ વધ્યું છે પરંતુ સંસ્કૃતિમાં ડિવોર્સ એ કોઈ નવી વાત નથી જ્યારે આપણી સંસ્કૃતિમાં લગ્નને ખૂબ જ મહત્વ આપવામાં આવતું હોવાથી ડિવોર્સ સમાજમાં એક નેગેટીવ ઈમેજ ઊભી કરે છે, અને જુદી રહેતી સ્ત્રી માટે સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થાય છે! સમાજ વિશે ચિંતિત હોવાથી આવું ન થવું જોઈએ એવું થાય ! પણ એક સ્ત્રી હોવાથી ક્યાં સુધી સ્ત્રી એ સહન કરી અને લગ્ન સંબંધ ને ઢસડવો જોઈએ એવું પણ થાય ! જોકે આજકાલ હવે આજથી ૫૦ વર્ષ પહેલાંનાં દોરમાં જોવા મળતી એવી સ્ત્રીઓ પણ નથી રહી! પણ મોટેભાગે લગ્નજીવનમાં પતિ પત્ની બંનેના ઈગોના કારણે લગ્નજીવન ડહોળાઈ જતું હોય છે, અને સાથે રહી શકતા નથી. તો લગ્ન જીવન સુમેળભર્યું ન હોય તો શું? એ વિશે જરા વાત કરીએ.

આ કોઈ આજકાલનો પ્રશ્ન તો છે નહીં, સદીઓથી ચાલતો આવતો પ્રશ્ન છે, અને તેમાં પણ સ્ત્રી અને પુરુષ બંને એકબીજાના પૂરક છે. એટલે કોઈએ પણ એવું સમજવાની જરૂર નથી, કે ઘર મારાથી ચાલે છે, એ બહુ મહત્વની વાત જો સંબંધમાં સ્વીકારાય, તો મોટેભાગે તકલીફ રહેતી નથી. છતાં પણ આમ તો અનુભવના એક સર્વેક્ષણ મુજબ એવું કહી શકાય, કે બહુ ઓછા સુમેળભર્યા લગ્નજીવન હોય છે. કંઈક ને કંઈક તો કોઈના માં ત્રૂટી હોય જ છે. પરંતુ એ વાત બંને પક્ષે એટલી સ્વીકાર્ય હોતી નથી, એટલે કે એકબીજાની ખામીને નજર અંદાજ કરી શકાતી નથી, તેને કારણે મોટેભાગે તકલીફ રહે છે. બીજું આવું હોયતો પણ આ સંબંધ ચાલુ રાખવો કે નહીં? તેવો એક પ્રશ્ન પણ છે, મોટેભાગે ગુજરાતની જૂની પેઢીની પ્રજા, એટલે કે આપણા વડવાઓ આ જ રીતે જીવી ગયા. પરંતુ આજકાલ જે રીતે છૂટાછેડા થાય છે, તે જોતા એવું લાગે છે, કે આજની પેઢીને આ માન્ય નથી. ઉપરાંત એવું કરવું પણ શું કામ જોઈએ! એ પણ તેઓનો પ્રશ્ન યથાર્થ છે. કારણકે કોઈ એક પક્ષે અથવા તો બંને પક્ષે એવું સહન કરીને જીવવું એના કરતાં સમજદારી દેખાડી અલગ થવું, એ એટલું ખોટું પણ નથી. પરંતુ બાળકો હોય તો તે વિશે વિચારવું પણ એટલું જ જરૂરી બની જાય છે. કારણ બાળકને મા અને બાપ બન્ને જોઈએ. બીજુ જો બીજા લગ્ન કરવા હોય તો, એ બાળક ત્યાં સેટ ન પણ થઈ શકે, એ પણ વિચારવું રહ્યું. બાળક ન હોય તો લગ્ન કરી જ લેવા જોઈએ, પરંતુ એકાંત અને એકલતા ગમતી હોય, અથવા તો કોઈ સિદ્ધાંતો પર જીવન જીવવું હોય, સમાજસેવા જેવું કોઈ લક્ષ્ય હોય, તો લગ્ન ન કરીને પણ સારુ જીવીને સમાજમાં આદર્શ બની શકાય.

ટૂંકમાં કહીએ તો પ્રસન્ન અને તંદુરસ્ત દાંપત્ય માટે બંને પક્ષે થોડા થોડા સમાધાનની વૃત્તિ કેળવવી જોઈએ, અને ન કેળવી શકાય એમ હોય તો છુટા પડવું, એ પણ કોઈ ખોટી વાત નથી. કારણ ઘણીવાર એવું પણ થાય છે, કે સમાજમાં આ રીતે કોઈની પ્રતિભા દબાઈ જતી જોવા મળે છે, અને સંસ્કારની વાત કરીએ તો મુંગા મુંગા સહન કરીને જીવી જવું, એ જ એક માત્ર સંસ્કાર નથી,હા સમાધાનની તૈયારી બંને પક્ષે હોય,તેમજ નાની નાની બાબતોમાં અહમ કે આગ્રહ માત્ર ના કારણ જ હોય, તો ઘર તૂટે એ પણ યોગ્ય નથી. પરંતુ આજ આપણે એકવીસમી સદી તરફ પગલાં ભરી રહ્યા છીએ, ત્યારે દીકરા-દીકરીનો ભેદ કરી અને કોઈ પણ પગલું ભરવું એ યોગ્ય નથી. આજકાલ દીકરીઓ પણ સન્માનભેર સમાજમાં એકલી રહી શકે છે, દત્તક બાળક લઈને પણ પોતાના માતૃત્વની ઝંખના પૂરી કરી શકે છે. તેમજ સમાજ સેવા કે પોતાના જીવનમાં દેશસેવા કે કોઈ પણ ધ્યેય સિદ્ધ કર્યું હોય, તે હાંસલ કરી અને જીવન પસાર કરી શકે છે, અને જ્યારે પણ એવું લાગે,કે હવે એકલા નથી જીવવું, ત્યારે સમાજમાંથી યોગ્ય જીવનસાથી રૂપે કોઈને પસંદ કરી લગ્ન પણ કરી શકે છે. આ બધું જ અત્યારે પણ થોડું ઘણું સરું થયું છે, થોડાક વર્ષોમાં એ બધું સામાન્ય થઈ જશે, એટલે કે વારંવાર બનશે, એટલે આપણે આપણી માનસિકતા બદલવાની મુખ્ય જરૂર છે, આવા કોઈ દીકરો કે દીકરી સમાજમાં જોવા મળે, તો તેની પ્રત્યે નિંદા કૂથલી કે ઈર્ષા નો ભાવ રાખ્યા વગર, તેનો સ્વીકાર કરવો એમાં જ સમજદારી છે, અને બની શકે તો તેનો નિર્ણય યોગ્ય લાગે તો પ્રોત્સાહન આપવાની જવાબદારી પણ આપણી જ છે.ટૂંકમાં કહીએ તો પ્રસન્ન અને તંદુરસ્ત દાંપત્ય માટે બંને પક્ષે થોડા થોડા સમાધાનની વૃત્તિ કેળવવી જોઈએ, અને ન કેળવી શકાય એમ હોય તો છુટા પડવું, એ પણ કોઈ ખોટી વાત નથી. કારણ ઘણીવાર એવું પણ થાય છે, કે સમાજમાં આ રીતે કોઈની પ્રતિભા દબાઈ જતી જોવા મળે છે, અને સંસ્કારની વાત કરીએ તો મુંગા મુંગા સહન કરીને જીવી જવું, એ જ એક માત્ર સંસ્કાર નથી,હા સમાધાનની તૈયારી બંને પક્ષે હોય,તેમજ નાની નાની બાબતોમાં અહમ કે આગ્રહ માત્ર ના કારણ જ હોય, તો ઘર તૂટે એ પણ યોગ્ય નથી. પરંતુ આજ આપણે એકવીસમી સદી તરફ પગલાં ભરી રહ્યા છીએ, ત્યારે દીકરા-દીકરીનો ભેદ કરી અને કોઈ પણ પગલું ભરવું એ યોગ્ય નથી. આજકાલ દીકરીઓ પણ સન્માનભેર સમાજમાં એકલી રહી શકે છે, દત્તક બાળક લઈને પણ પોતાના માતૃત્વની ઝંખના પૂરી કરી શકે છે. તેમજ સમાજ સેવા કે પોતાના જીવનમાં દેશસેવા કે કોઈ પણ ધ્યેય સિદ્ધ કર્યું હોય, તે હાંસલ કરી અને જીવન પસાર કરી શકે છે, અને જ્યારે પણ એવું લાગે,કે હવે એકલા નથી જીવવું, ત્યારે સમાજમાંથી યોગ્ય જીવનસાથી રૂપે કોઈને પસંદ કરી લગ્ન પણ કરી શકે છે. આ બધું જ અત્યારે પણ થોડું ઘણું સરું થયું છે, થોડાક વર્ષોમાં એ બધું સામાન્ય થઈ જશે, એટલે કે વારંવાર બનશે, એટલે આપણે આપણી માનસિકતા બદલવાની મુખ્ય જરૂર છે, આવા કોઈ દીકરો કે દીકરી સમાજમાં જોવા મળે, તો તેની પ્રત્યે નિંદા કૂથલી કે ઈર્ષા નો ભાવ રાખ્યા વગર, તેનો સ્વીકાર કરવો એમાં જ સમજદારી છે, અને બની શકે તો તેનો નિર્ણય યોગ્ય લાગે તો પ્રોત્સાહન આપવાની જવાબદારી પણ આપણી જ છે.

ગ્રુપ ખોલ્યું ત્યારે એક જ વાક્ય કોઈનું ચર્ચા નિમિત્તે વાંચ્યું કે આજકાલ તો છૂટાછેડા લેવા એ પણ અઘરું સાબિત થતું જાય છે, એ વાત પણ એટલી જ સાચી છે, કે કોઈને પરેશાન કરવાના ઈરાદાથી આ રીતે કરવું નહીં. પરંતુ જો કોઈ વ્યક્તિથી પિડીત સ્ત્રી હોય, તો તેને તેનો ન્યાય પણ મળવો જોઈએ, એ પણ એટલું જ જરૂરી છે.


આ એક સમાજનો એવો પ્રશ્ન છે, જેના અંતર્ગત આજે સમાજ અંદરોઅંદર મુંઝાઈ રહ્યો છે, અને એક બીજા સંબંધો પર આક્ષેપ કરી રહ્યો છે એટલે લગ્ન વખતે ગમે તેટલું સારું મૂહુર્ત જોયું હોય, પણ લગ્ન તો પતિ પત્ની બંનેની અંડરસ્ટેડીઅંગથી જ ચાલે! જય હિન્દ. લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# મનુષ્ય કહે કે હું કામને ભોગવું છું પણ તે ખોટી વાત છે કામ મનુષ્યને ભોગવી તેને ક્ષીણ કરે છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



આજથી ધનાર્ક કમુરતા શરૂ થયા એટલે એક મહીનો શુભ કાર્ય વિરામ લેશે ઉતરાયણ મકરસક્રાંતિ પછી લગ્નસરા સહિત શુભ કાર્યનો ધમધમાટ શરૂ થશે આપણે ભગવદ્ જ્ઞાન થકી અનોખું ચિંતન કરી હૃદય મનને એકાગ્ર શાંત કરવા પ્રયત્ન કરીએ છીએ. એટલે જ કહયું છે કે ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે.

જે સંસાર સરોવરમાં મનુષ્ય ક્રિડા કરે છે ત્યાં જ કાળ રહે છે જન્મની સાથે જ માણસ કાળને

લઈને આવેલો છે. કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે. પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનજો કે કાળે પકડયા છે. પરંતુ ગભરાશો નહીં. એનો પણ ઉપાય છે. ગજેન્દ્રે બતાવ્યો છે તે ભાગવત-સ્મરણમાં લાગી જવું. કાળ જ્યારે પકડે ત્યારે કાળની પકડમાંથી સ્ત્રી કે પુત્ર કોઈ છોડાવી શકે નહીં. સ્ત્રી-પુત્રની સાથે સંસાર સમુદ્રમાં રમવા રહ્યા ને ભાન ભૂલ્યા એટલે તો કાળ-મગરે પગ પકડ્યો. હવે એ સ્ત્રી-પુત્ર કેમ કરી છોડાવી શકે? એ તો ઊલટા દૂર ભાગી જાય છે. હાથીનું સંકટ જોઈ હાથણીઓ ભયથી આઘી ખસી ગઈ. હાથી એકલપંડે લડે છે. હાથી-મગરનું આ યુદ્ધ કેવું ચાલ્યું! એટલે કે ખૂબ લાંબું ચાલ્યું. આ બતાવે છે કે, વાસના જીતવી બહુ અઘરી છે. તે એકદમ હરિના શરણે મનને જવા દેતી નથી. પોતાના જોરે તે જીતવા માગે છે, પણ તે તો હવે ગજેન્દ્ર એકલો પડયો. એકલો પડે ત્યારે જ્ઞાન જાગ્રત થાય છે. હવે એને ભાન થયું કે,વાસના કેવળ ફસાવે છે. તેના ટેકે રહેવાય નહીં. જીવ નિર્બળ બને છે ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે. નિર્બળ કે બળ રામ છે.

દ્રૌપદીએ મોઢાથી સાડીનો છેડો પકડેલો ત્યાં સુધી દ્વારિકાનાથ વ્હારે ધાતા નથી પણ જે ઘડીએ દ્રૌપદીએ છેડો છોડી દીધોને શ્રીકૃષ્ણને બોલાવ્યા તે જ ઘડીએ પ્રભુ વહારે ધાય છે. જીવ મૃત્યુ પથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે. અંતકાળે મનુષ્ય ગભરાય છે કે મારું શું થશે? જ્યાં ગયા પછી પાછું આવવાનું છે,તેવી મુસાફરી ની મનુષ્ય પારાવાર તૈયારી કરે છે. પણ જ્યાં ગયા પછી પાછું આવવાનું જ નથી, તેવી મોટી મુસાફરીની કોઈ અગાઉથી તૈયારી કરતું નથી. એ પરમ આશ્ચર્યની વાત છે. મૃત્યુ પથારી ઉપર પડેલો મનુષ્ય હાય હાય કરે છે.હાય હાય કરે હવે શું વળવાનું? હરિ હરિ કરો તો કાંઈ વળે? કાંઈ શું,બધું વળે! ખરા દિલથી હરિ હરિ કરો તો! ગજેન્દ્ર એકલો પડયો ત્યારે તેને ખાતરી થઈ કે, ઈશ્વર વિના મારું કોઈ નથી. સગાંસંબંધી બધાં કહેવાનાં છે.જે બધાને માટે આખી જિંદગી ભોગ આપ્યો તે સર્વ છોડી ને ચાલ્યા જાય છે.એટલે હવે ગજેન્દ્ર ઈશ્વરની સ્તુતિ કરે છે. આ ગજેન્દ્રસ્તુતિ અને ગજેન્દ્રમોક્ષનો પાઠ રોજ કરવા જેવો છે, જેથી અજ્ઞાનનો નાશ થાય અને મરણ સુધરે. કાળ-મગર મને પકડવા ટાંપી રહ્યો છે એમ સમજી આ સ્તુતિ કરવી.

જીવ જ્યારે ચારે બાજુથી નિરા ધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે. પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે.

ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે,હે વિવિધ રૂપ વાળા,અજ્ઞેય ચરિત્રવાળા પ્રભુ, મારી રક્ષા કરો! હે પ્રભુ,તમે અવિદ્યાના ફાંસામાં ફસાયેલ જીવને જો તે શરણે આવે તો ફાંસો કાપી નાખી બચાવો છો. તમે અત્યંત દયાળુ છો ને દયા કરવામાં કદી આળસ કરતા નથી. જીવમાત્રના તમે અંતર્યામી છો. તમે સર્વના નિયંતા છો. તમને હું પ્રણામ કરું છું.હું પશુ છું. કાળના પાશમાં ફસાયો છું. મને કાળથી બચાવો. જ્યાં કાળ ન હોય ત્યાં મને લઈ જાવ. જ્યાં કાળનો પ્રવેશ નથી એવા તમારા ધામમાં મને લઈ જાઓ.


હે પ્રભુ, હું જાણું છું કે, આપની કૃપા અને આપનું શરણ એ જ બચવાનો એક માત્ર ઉપાય છે. હે નાથ, મારી ઉપર કૃપા કરો. તમે શરણાગતનું રક્ષણ કરનાર છો. તમે મારી રક્ષા કરો! હું તમારે શરણે છું. ગજેન્દ્ર આ પ્રમાણે દુઃખથી આદ્ર બનીને શ્રીહરિની સ્તુતિ કરે છે.આ સ્તુતિનો પાઠ મનુષ્યને સંકટ માંથી મુક્ત કરે છે. તમે જ ગજેન્દ્ર છો,ને કાળ-મગર ના જડબામાં પડ્યા છો એમ સમજી પાઠ કરશો તો તેનો ચમત્કાર તરત દેખાશે. આ સ્તુતિ નો પાઠ કરનારને ખરાબ વિચારો નહીં આવે. ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે, હવે નાશ ન થાય તેવું દિવ્ય શરીર મને આપો. કારણ કે આ નાશવંત-લૌકિક શરીર કેવળ બોજારૂપ છે ને વ્યર્થ છે. માટે કૃપા કરી મને અવિનાશી તેજોમય શરીર આપો.હે ગોવિંદ,હે નારા યણ,હું દીન તમારી પ્રાર્થના કરું છું. કાળના મુખમાંથી મને છોડાવો.

હવે પરમાત્માને ઉતાવળ થઈ. તે દોડતા આવ્યા. ગજરજને બચાવવાની ભગવાન સિવાય કોઈની તાકાત નથી. દેવો ત્યાં લાચાર છે. નિરાધારનો આધાર ભગવાન છે. ગજેન્દ્રે જોયું કે, ભગવાન દોડતા આવ્યા છે. ગજેન્દ્રે સરોવરમાંથી એક કમળ ઊંચકી તે ભગવાનને અર્પણ કર્યું.

તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે. પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે.કમળ બ્રહ્માજી ની સૃષ્ટિનું નથી.તે કમળનો પ્રભુએ સ્વીકાર કર્યો.સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો.સુદર્શન ચક્ર એટલે જ્ઞાનચક્ર. કાળનો નાશ જ્ઞાનચક્રથી જ થાય છે. એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય. જેને બ્રહ્મદષ્ટિ પ્રાપ્ત થાય છે તે જ્યાં જાય ત્યાં તેને પરમાત્માનાં દર્શન થાય છે. બ્રહ્મજ્ઞાની ઘણા મળશે, પણ શુકદેવજી જેવી બ્રહ્મદષ્ટિ રાખનાર ઓછા મળશે. આવા જ્ઞાનીને સંસાર બાધક થતો નથી. અજ્ઞાનીને સંસાર બાધક થાય છે. આ જ્ઞાન એટલે ચોપડીનું જ્ઞાન નહીં, પણ અંતરમાં ઊગેલું જ્ઞાન. આ જ્ઞાન તમને અજ્ઞાનમાંથી છોડાવશે. અજ્ઞાનની પકડમાંથી છૂટવાનું છે. સર્વમાં ભગવદ્દર્શન તેજ સુદર્શન. ભગવાન સિવાય જગતમાં જેના દર્શન કરવા—પ્રિય થાવું એવું સુદર્શન કોણ છે? એનો બીજો અર્થ એ પણ થાય કે, તમારી દષ્ટિ સુદર્શન થશે; સારી થશે એટલે સર્વમાં તમને ભગવાન દેખાશે, તો તમે કાળના મુખમાંથી છૂટી જશો. સર્વમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરો તો કાળ મારી શકશે નહીં.ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો, તેમ જે જીવ ભગવાનને શરણે જશે તેનો ઉદ્ધાર થશે. પૂર્વજન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રધુમ્ન નામનો રાજા હતો. રાજા ધ્યાનમાં બેઠો હતો. ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા. ઊભા થઈ રાજાએ મુનિનો સત્કાર કર્યો નહીં. તેથી મુનિને લાગ્યું કે, રાજા મારું અપમાન કરે છે. ભગવાન કરતાં પણ ભગવાનના ભક્તોનું વધારે માન રાખજો.પથ્થરની મૂર્તિ માં સદભાવ રાખવાથી ચેતન થાય છે તો ચેતનમાં સદ્ભાવ રાખવાથી ઈશ્વરની પ્રાપ્તિ કેમ ન થાય? અગસ્ત્ય મહારાજને ખોટું લાગ્યું. તેમણે શ્રાપ આપ્યો કે, તું જડ જેમ બેસી રહ્યો તેથી તને પશુનો જડ અવતાર મળો! પૂર્વજન્મમાં ગજેન્દ્રે ખૂબ ભજન કરેલું એટલે ગજેન્દ્ર યોનિમાં તેને પ્રભુ યાદ આવ્યા.એક જન્મમાં જે સંસ્કાર મનમાં દઢ થાય તે બીજા જન્મમાં સ્વભાવ બની પ્રગટ થાય છે. ગજેન્દ્રની ગત જન્મની ભક્તિ આ જન્મે શ્રદ્ધા રૂપે પ્રગટ થઈ.

શુકદેવજી હવે સમુદ્રમંથનની કથા કહે છે,હે રાજન!એક સમયે ઈન્દ્ર ને દુર્વાસા ઋષિ સામે મળ્યા. દુર્વાસાએ પુષ્પમાળા ઈન્દ્રને અર્પણ કરી, પરંતુ ઈન્દ્ર સંપત્તિમાં સાનભાન ભૂલ્યો હતો. એટલે સંતે મળેલી માળા તેણે હાથીની સૂંઢ ઉપર ફેંકી. હાથી તે પગ તળે કચડવા લાગ્યો. દુર્વાસાને લાગ્યું કે, ઈન્દ્ર મારું અપમાન કરે છે. મારું એકલાનું નહીં, પણ પુષ્પમાં રહેલાનું અપમાન કરે છે.તેથી તેમણે ઈન્દ્રને શ્રાપ આપ્યો કે, તું દરિદ્ર થઈશ. સંપત્તિમાં સાનભાન ભૂલ્યો છે તે દરિદ્ર ન થાય ત્યાં સુધી તેને સાનભાન આવતું નથી. તે પછી સ્વર્ગનું રાજ્ય દૈત્યોને મળે છે. દેવો ભગવાનને શરણે ગયા. અમને અમારું રાજ્ય પાછું મળે તેવું કરો. ભગવાને આજ્ઞા આપી કે, તમે સમુદ્રમંથન કરો. તેમાંથી અમૃત નીકળશે તે હું તમને પીવડા વીશ. તમે અમર થશો, પરંતુ આ મોટું કામ કરે છે.તેમાં દૈત્યોનો પણ સાથ લેજો. દૈત્યો આમ તો દેવોની મદદમાં ન આવે,પણ એક તો દેવો એ તેમનાં વખાણ કર્યાં તેથી ફુલાયાને બીજું અમૃતની લાલચ લાગી એટલે દેવોની સાથે જોડાયા હવે દેવો અને દૈત્યો અમૃત મેળવવા સમુદ્રનું મંથન કરવા લાગ્યા. મંદરા ચળ પર્વતની રવઈ બનાવવામાં આવી અને વાસુકી નાગનું દોરડું બનાવ્યું ને મંથન શરૂ કર્યું. સંસાર એ જ સમુદ્ર છે.સંસાર સમુદ્રનું મંથન કરી જ્ઞાન રૂપી અને ભક્તિ રૂપી અમૃત મેળવવાનું છે. જીવને ખરેખર અમર બનાવે તેવું તે એ એક જ અમૃત છે.







### નવીનતમ ચિત્રો ચાહકોને શંકાસ્પદ બનાવે છે

# શું બાદશાહ પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરને ડેટ કરી રહ્યો છે?

। મુંબઈ, તા.૧૬ ।

બાદશાહને કોણ નથી ઓળખતું? ભારતીય રેપરે પોતાના માટે પૂરતું નામ અને ખ્યાતિ બનાવી છે. તેમના કેટલાક પ્રખ્યાત ગીતોમાં કાલા ચશ્મા, ચાલો નાચો, ગેંડા ફૂલ અને વધુનો સમાવેશ થાય છે. રેપર આજે તેના ગીતો માટે નહીં પરંતુ તેની કથિત લવ લાઈફ માટે હેડલાઈન્સમાં છે. બાદશાહ હેડલાઈન્સમાં રાજ કરી રહ્યો છે કારણ કે પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિર સાથેની તેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. હાનિયાએ જ આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર મજેદાર કેપ્શન સાથે શેર કરી હતી. આ તસવીરોને કારણે તેમાંથી બે

## દુબઈથી રેપર બાદશાહ અને પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિરની તસવીરો વાયરલ થઈ છે, તસવીરોને કારણે તેઓ કપલ હોવાની બાતમી

ડેટિંગ કરી રહ્યાં હોવાની અટકળો શરૂ થઈ છે. હાનિયા આમિરે તસવીરો શેર કરતાની સાથે જ કેપ્શનમાં લખ્યું, ‘‘બાળકો ખરીદી કરવા ગયા’’. તે બંને દુબઈમાં સાથે શોપિંગ કરવા ગયા હોવાનું જણાય છે. અભિનેત્રીએ તેમાંથી બે હસતાં હસતાં તસવીરો શેર કરી છે. ત્યાં એક અન્ય વિડિયો પણ છે જે દર્શાવે છે કે તેમાંથી બેએ સાથે કોફીનો આનંદ માણ્યો હતો. તેમના ચહેરા પરના વિશાળ સ્મિત સાથે કોઈ કહી શકે છે કે તેઓએ તેમનો સમય સાથે માણ્યો હતો. જ્યારે અટકળો ચાલી રહી હતી, ત્યારે ઘણા લોકો હાનિયા અને બાદશાહના બચાવમાં આવ્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે શા માટે બે લોકો મિત્ર ન હોઈ શકે. એક ટિપ્પણીમાં લખ્યું હતું કે, ‘‘જો બે મિત્રો હેંગ આઉટ કરી રહ્યા હોય તો એવું કેમ માની લેવામાં આવે છે કે તેઓ ડેટિંગ કરી રહ્યા છે?!’’ અન્ય અહેવાલમાં વાંચવામાં આવ્યું, ‘‘હવે એક છોકરી સેલ્ફી પણ લઈ શકતી નથી ! અફવાઓ ફેલાવવામાં આવી છે. હાનિયા આમિર અને બાદશાહની અફવાઓ જાન્યુઆરી મહિનામાં શરૂ થઈ જ્યારે રેપરે તેની એક પોસ્ટ પર ટિપ્પણી કરી. ત્યારબાદ ચાહકોએ ઘણીવાર સોશિયલ મીડિયા પર બંને વચ્ચે વાતચીત કરતા જોયા છે.




## સૈમ બહાદુરની સ્ક્રીનિંગમાં વિકી સાથે પહોંચી કેટરીના

। મુંબઈ, તા.૧૬ ।

વિકી કૌશલની ફિલ્મ સૈમ બહાદુર ૧ ડિસેમ્બરના રોજ રીલિઝ થઈ રહી છે. રિલીઝ પહેલા મુંબઈમાં ફિલ્મનું સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું. જેમાં કેટરિના કૈફ અને વિકી કૌશલ ટ્વિનિંગ કરીને પહોંચ્યા હતા. વિકી કૌશલ કેટરિના કૈફ સાથે તેની આગામી ફિલ્મ ‘સૈમ બહાદુર’ના સ્ક્રીનિંગમાં પહોંચ્યો હતો. આ દરમિયાન બંને બ્લેક આઉટફિટમાં ટ્વિનિંગ કરતા જોવા મળ્યા હતા. આ કપલ રેડ કાર્પેટ પર પહોંચ્યુ અને પાપારાઝીને ઘણા પોઝ આપ્યા હતા.

કેટરીનાનો ગ્લેમરસ લુક તેના પતિ વિકીની ફિલ્મની સ્ક્રીનિંગમાં જોવા મળ્યો હતો. તેણે ઓફ શોલ્ડર બ્લેક શોર્ટ પહેર્યુ હતું. આ લુકમાં કેટરીના કૈફ ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેમજ રેડ કાર્પેટ પર કપલ વચ્ચે જબરદસ્ત કેમેસ્ટ્રી જોવા મળી હતી. વિદ્યા બાલન પણ તેના પતિ સિદ્ધાર્થ રોય કપૂર સાથે ફિલ્મની સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. બંનેએ વિકી અને કેટરીના સાથે પોઝ આપ્યા હતા. આ દરમિયાન કેટરીના કૈફ પણ અભિનેત્રી વિદ્યા બાલનનો હાથ પકડીને તેની સાથે વાત કરતી જોવા મળી હતી.



# વિદેશથી ૧૦૦ થી વધુ શાહરૂખ ખાનના ચાહકો ફિલ્મ જોવા ભારત આવી રહ્યા છે

। મુંબઈ, તા.૧૬ ।


શાહરૂખ ખાનની ફેન ફોલોઈંગ વિશે તો બધા જાણે છે. ભારતમાં જ નહીં વિદેશમાં પણ તેના ચાહકો છે. કિંગ ખાને ૨૦૨૩માં ચાર વર્ષ પછી મોટા પડદા પર પુનરાગમન કર્યું છે અને ફરી એકવાર સાબિત કર્યું છે કે તે સુપરસ્ટાર છે. આ વર્ષે પહેલા શાહરૂખ ખાનની ‘પઠાણ’ અને પછી ‘જવાન’ આવી. હવે તેની ફિલ્મ ‘ડંકી’ રિલીઝ માટે તૈયાર છે અને તેના ચાહકોમાં એટલો ક્રેઝ છે કે તે વિદેશથી ભારત આવી રહ્યા છે. જણાવી દઈએ કે શાહરૂખ ખાનની આગામી ફિલ્મ ૨૨ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે અને વિદેશમાં રહેતા કિંગ ખાનના ચાહકો તેના માટે લાંબી મુસાફરી કરવાના છે. ૧૦૦ થી વધુ લોકો તેમના પરિવાર સાથે આ ફિલ્મ જોવા માટે ભારત આવી રહ્યા છે. વાત એમ છે કે ફિલ્મનું ટ્રેલર એવું છે કે તેને જોયા પછી વિદેશમાં વસતા દરેક ભારતીયને પોતાનો દેશ યાદ આવે છે. આ ફિલ્મમાં ભારતીય ગામડાઓના દ્રશ્યો અને લાગણીઓ દર્શાવવામાં આવી છે, જે વિદેશમાં રહેતા ભારતીયના મનમાં ઘરે પરત ફરવાનો વિચાર લાવવા માટે પૂરતા છે. તેથી, વિશ્વના વિવિધ ખૂણેથી કિંગ ખાનના ચાહકો ભારતમાં આવીને તેમના પરિવાર અને મિત્રો સાથે આ ફિલ્મની મજા માણવા માંગે છે. આ ફિલ્મ જોવા માટે નેપાળ, કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ આરબ અમીરાત અને અન્ય દેશોમાંથી ચાહકો ભારત આવી રહ્યા છે. સૂત્રોનું માનીએ તો ડંકી એ દરેક દેશમાં બતાવવામાં આવશે જ્યાં કિંગ ખાનના ચાહકો રહે છે. ‘ડંકી’ ૨૨મી ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે. ફિલ્મ ડંકી રિલીઝ માટે તૈયાર છે અને તેના ચાહકોમાં એટલો ક્રેઝ છે કે તે વિદેશથી ભારત આવી રહ્યા છે. પહેલા ફિલ્મનું ટીઝર અને હવે ડ્રોપ ૧ અને ૨ ફેન્સનો ક્રેઝ વધારવા માટે પૂરતા છે. ‘ડંકી’ ‘માં શાહરૂખ ખાન સાથે તાપસી પન્નુ, બોમન ઈરાની, તાપસી પન્નુ, વિકી કૌશલ, વિક્રમ કોચર, અનિલ ગ્રોવરે રંગીન પાત્રો ભજવ્યા છે. આ ફિલ્મ જિયો સ્ટુડિયો, રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ અને રાજકુમાર હિરાણી ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવી છે અને રાજકુમાર હિરાણી અને ગૌરી ખાન દ્વારા નિર્મિત છે. આ ફિલ્મ અભિજાત જોશી, રાજકુમાર હિરાની અને કનિકા ઢીલ્લોને લખી છે. શાહરૂખ ખાનની આ ફિલ્મનું ટ્રેલર ૭ ડિસેમ્બરે રિલીઝ થવાનું હતું, જે હવે નહીં થાય. ચાહકો માટે ખરાબ સમાચાર છે. ફિલ્મના ટ્રેલરનું નવું રિલીઝ શું હશે તે અંગે નિર્માતાઓએ કોઈ માહિતી આપી નથી.

# એનિમલના ૫ ડાયલોગ પર સેન્સર બોર્ડની ચાલી કાતર

। મુંબઈ, તા.૧૬ ।

રણબીર કપૂર, બોબી દેઓલ અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ એનિમલના રિલીઝને હવે બે દિવસ બાખી છે. ૧ ડિસેમ્બરેના રોજ ફિલ્મ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મના રિલીઝ પહેલા બધા સ્ટાર કાસ્ટ હાલમાં ફૂલ ટૂ પ્રમોશનમાં લાગી રહ્યા છે. ફિલ્મના દરેક સ્ટાર્સ પ્રમોશનમાં વ્યસ્ત છે. જો કે હવે આ મુવી રેકોર્ડ બનાવી શકશે કે નહીં એ પણ જોવાનું રહ્યું. ફિલ્મને એ સર્ટિફિકેટ આપ્યા પછી અનેક બદલાવ કરવામાં આવ્યા છે. ફિલ્મના સીનથી લઈને ડાયલોગમાં અનેક પ્રકારના ચેન્જીસ કરવાની ફરજ પડી છે. મળતી માહિતી અનુસાર ફિલ્મમાં જ્યાં અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એ હવે બદલી લેવામાં આવ્યો છે. આટલું જ નહીં, ફિલ્મના સબટાઈટલ્સમાં પણ ચેન્જીસ કરવામાં આવ્યા છે. ફિલ્મના એક સીનમાંથી બ્લેક શબ્દ કાઢી નાખવામાં આવ્યો છે. આ શબ્દ ફિલ્મમાં ૧ કલાક અને ૩૧ મિનિટ અને ૯ સેકન્ડ પર હતો, જે હવે તમને સાંભળવા મળશે નહીં. આ સિવાય એક સીનના કોસ્ટયુમ શબ્દ બદલીને વસ્ત્ર કરવામાં આવ્યો છે. આ શબ્દ ફિલ્મમાં ૧ કલાક ૫૬ મિનિટ અને ૨૦ સેકેન્ડ પર હતો, જે હવે તમે નહીં સાંભળી શકો. આ સિવાય કભી નહીં અને ક્યા બોલ રહે હો આપ જેવા ડાયલોગમાં પણ ચેન્જીસ કરવામાં આવ્યા છે. ૨ કલાક ૧૩ મિનિટ અને ૫૧ સેકન્ડ પર પણ એક ચેન્જીસ કરવામાં આવ્યા છે, જેમાં નાટક શબ્દને મ્યૂટ કરવામાં આવ્યો છે. વિજય અને જોયા વચ્ચેના ઈન્ટીમેન્ટ સીનને પણ બદલવામાં આવ્યો છે. ફિલ્મમાં ક્લોઝઅપ શોટ ડિલીટ કરવામાં આવ્યા છે. ૨ કલાક ૨૮ અને ૩૭ સેકેન્ડ પર આ ચેન્જીસ થયા છે. એનિમલ મુવીમાં સેન્સર બોર્ડ દ્વારા કરવામાં આવેલા ચેન્જીસ હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે.







## ‘એનિમલ’ ચાહકોને તાવ આવ્યો, થિયેટરોમાં ફોડ્યા ફટાકડા

। મુંબઈ, તા.૧૬ ।

રણબીર કપૂરની ફિલ્મ ‘એનિમલ’નો ક્રેઝ ફેન્સમાં ગાંડો થઈ રહ્યો છે. રણબીર કપૂરની ફિલ્મ દરમિયાન ચાહકોએ થિયેટરોમાં ફટાકડા ફોડ્યા હતા અને તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. બોલિવૂડ એક્ટર રણબીર કપૂરની ફિલ્મ ‘એનિમલ’ શુક્રવારે એટલે કે ૧લી ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જ્યારથી આ ફિલ્મની ઘોષણા કરવામાં આવી છે ત્યારથી તેના વિશે ભારે ચર્ચા છે. રણબીર કપૂરની ફિલ્મ ‘એનિમલ’ની સફળતા ફિલ્મના પ્રથમ દિવસના કલેક્શનમાં સ્પષ્ટપણે જોવા મળે છે. લોકોને આ ફિલ્મ ખૂબ જ પસંદ આવી રહી છે અને લોકો ફટાકડા ફોડી રહ્યા છે. આ દરમિયાન, સિનેમા હોલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર



વાયરલ થઈ રહ્યો છે જેમાં તમે ફિલ્મ ‘એનિમલ’ દરમિયાન લોકોને ફટાકડા ફોડતા જોઈ શકો છો. લોકો રણબીર કપૂર અને બોબી દેઓલની ફિલ્મ ‘એનિમલ’ને ખૂબ પસંદ કરી રહ્યા છે. આ ફિલ્મને લગતો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.



# અંકિતા બિગ બોસ ૧૭ માટે દર અઠવાડિયે ૧૨ લાખ રૂપિયા લે છે

## પતિ વિકી જૈન સાથે ભાગ લીધો, આ વર્ષે તેણે આખરે વિવાદાસ્પદ રિયાલિટી શોનો ભાગ બનવાનું નક્કી કર્યું

। મુંબઈ, તા.૧૬ ।

ટીવી અભિનેત્રી અંકિતા લોખંડેને આજે કોઈ ઓળખની જરૂર નથી. બિગ બોસ ૧૭માં દર્શકોના દિલમાં સ્થાન મેળવવાથી લઈને દર્શકોના દિલ જીતવા સુધીની અભિનેત્રીએ ઘણી ફેન ફોલોઈંગ મેળવી છે. અંકિતા લોખંડે હાલમાં બિગ બોસ ૧૭ ના ઘરની અંદર બંધ છે, અહેવાલો અનુસાર, અભિનેત્રી રિયાલિટી શોના નિર્માતાઓ પાસેથી દર અઠવાડિયે મોટી ફી વસૂલે છે. અંકિતા લોખંડે લાંબા સમયથી ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી છે, તે બિગ બોસ ૧૭ માટે દર અઠવાડિયે મોટી રકમ વસૂલે છે. રિપોર્ટ અનુસાર, અંકિતા બિગ બોસ ૧૭ માટે દર અઠવાડિયે ૧૨ લાખ રૂપિયા લે છે. અનેક વખત અંકિતાને બિગ બોસની ઓફર કરવામાં આવી હતી, જોકે અભિનેત્રીએ આ ઓફરનો ઈનકાર કર્યો હતો. આ વર્ષે તેણે આખરે વિવાદાસ્પદ રિયાલિટી શોનો ભાગ બનવાનું નક્કી કર્યું અને તેના પતિ વિકી જૈન સાથે ભાગ લીધો. રિયાલિટી શો બિગ બોસ ૧૭માં અંકિતા લોખંડે અને તેના પતિ વિકી જૈન વચ્ચેના સંબંધોમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. એવા ઘણા પ્રસંગો હતા જ્યારે દંપતી વચ્ચે ગેરસમજણો થઈ હતી. હોસ્ટ સલમાન ખાને પણ વિકીને અંકિતાનું અપમાન કરવા બદલ ઠપકો આપ્યો હતો. બિગ બોસ સીઝન ૧૭ના સ્પર્ધક અંકિતા લોખંડે અને વિકી જૈન વચ્ચેના સંબંધો રિયાલિટી શોમાં પ્રવેશ્યા બાદથી ઘણી સમસ્યાઓમાંથી પસાર થયા છે. લેટેસ્ટ એપિસોડમાં બતાવવામાં આવ્યું હતું કે અંકિતા લોખંડે અને વિકી




# સાલારના ટ્રેલરમાં જોવા મળી KGFની ઝલક

। મુંબઈ, તા.૧૬ ।

પ્રભાસની મોસ્ટ અવેટેડ ફિલ્મ સલાર પાર્ટ ૧ સીઝફાયરનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ઘણા સમયથી આ ફિલ્મને લઈને ચાહકોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. હવે ફિલ્મનું ટ્રેલર જોઈને ચાહકો ખુશી ઝુમી રહ્યાં છે. ટ્રેલર રિલીઝ થતાની સાથે જ તે સોશિયલ મીડિયા પર લોકપ્રિય થઈ ગયું છે. આ અંગે દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. ફેન્સને પ્રભાસનો લુક ખુબ પસંદ આવી રહ્યો છે. લોકો તેમની એક્શનના ખુબ વખાણ કરી રહ્યા છે. પ્રશાંત નીલના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું દમદાર ટ્રેલર તમને ગમશે. ટ્રેલરમાં પ્રભાસની દમદાર એન્ટ્રી જોઈ શકાય છે. અભિનેતા ફુલ ઓન એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે. જો કે, ટ્રેલર જોતી વખતે તમને ક્યારેક **KGF** જેવું લાગશે. આ એટલા માટે છે કારણ કે ટ્રેલરમાં એક્શન સીન તેમજ ડાર્ક અને માઈન્સ સીન પણ છે, જે તમને દ્રયહ્નની યાદ અપાવે છે. તમને જણાવી દઈએ કે મેકર્સે ફિલ્મનું ટ્રેલર તેલુગુ સિવાય અન્ય ભાષાઓમાં પણ રિલીઝ કર્યું છે. ટ્રેલરમાં પ્રભાસ ઉપરાંત જગપતિ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન પણ દમદાર ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મમાં પ્રભાસની સાથે શ્રુતિ હાસન જોવા મળશે. આ ફિલ્મ આ વર્ષે ૨૨ ડિસેમ્બરે રિલીઝ થશે. ફિલ્મનું આ દમદાર ટ્રેલર જોયા પછી એમ કહેવું ખોટું નહીં હોય કે આ ફિલ્મ **‘KGF’** અને ‘બાહુબલી’ જેવી ફિલ્મોના રેકોર્ડ તોડી શકે છે. સાલારની જાહેરાત થઈ ત્યારથી જ પ્રભાસની આ બિગ બજેટ ફિલ્મને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે.

# અમદાવાદમાં ચૂંટણી પંચની ૫ રાજ્ય અને ૧ સંઘપ્રદેશની સમીક્ષા બેઠક યોજાઇ

। અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ ખાતે યોજાયેલી ચોથી રીજનલ કૉન્ફરન્સમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગણા, ગોવા તથા દીવ, દમણ અને દાદરા નગરહવેલીના મુખ્ય નિર્વાચન અધિકારીઓ અને સ્ટેટ નોડલ પોલીસ ઑફિસર્સ ઉપસ્થિત રહ્યા. ચૂંટણીપંચના વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર ધર્મેન્દ્ર શર્મા અને અન્ય અધિકારીઓ સમક્ષ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગણા, ગોવા તથા દીવ, દમણ અને દાદરા નગરહવેલીના મુખ્ય નિર્વાચન અધિકારીઓ અને સ્ટેટ પોલીસ નોડલ ઑફિસર્સ દ્વારા લોકસભાની આગામી ચૂંટણીને અનુલક્ષીને કરવામાં આવેલી તૈયારીઓની વિગતો અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, મતદાર નોંધણી, મતદાન મથકો પર આવશ્યક પ્રાથમિક સુવિધાઓ અને મૅનપાવરની જરૂરિયાત અને ઉપલબ્ધતા વિશે પણ ઈલેકશન કમિટીની ટીમને માહિતગાર કરવામાં આવ્યા.

લોકસભા ચૂંટણીની તૈયારીઓ અંગે ચૂંટણી પંચની ટીમે તમામ મુખ્ય નિર્વાચન અધિકારીઓને મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા દરમિયાન ક્ષતિરહિત મતદારયાદી સુનિશ્ચિત કરવા માટે નિર્દેશ આપ્યો હતો. આ ઉપરાંત સિસ્ટમેટિક વોટર એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન દ્વારા મતદાન વધારવા વિવિધ કાર્યક્રમો, વિવિધ એપ્લિકેશનનો મહત્તમ ઉપયોગ, ચૂંટણી ખર્ચ વ્યવસ્થાપન અને ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીઓ અને સ્ટાફને તાલીમ તથા સુસજ્જતા કેળવવા અંગે પણ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. મહિલાઓ, યુવાનો, વરિશ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો, ત્રીજી જાતિના લોકો અને અતિ સંવેદનશીલ આદિવાસી જુથોની મતદારયાદીમાં સમાવેશકતા સુનિશ્ચિત કરવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. વધુમાં ટીમ દ્વારા ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન રાજકીય પક્ષો તેમજ અન્ય સ્ટેક હોલ્ડર સાથે પરામર્શ કરવા ભાર આપવામાં આવ્યો. દિવ્યાંગજનો, ત્રીજી જાતિના લોકો અને અતિ સંવેદનશીલ આદિવાસી જુથોની મતદારયાદીમાં સમાવેશકતા સુનિશ્ચિત કરવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. વધુમાં ટીમ દ્વારા ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન રાજકીય પક્ષો તેમજ અન્ય સ્ટેક હોલ્ડર સાથે પરામર્શ કરવા ભાર આપવામાં આવ્યો.

# રેલવે અંડરબ્રિજનો લોખંડનો ભારે ગડર કાર પર પડ્યો

। સાબરકાંઠા, તા.૧૬ ।

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં અંડર બ્રિજમાં લોખંડનો ભારેખમ વજન ધરાવતો ગડર કાર પર પડવાની ઘટના ઘટી છે. રાત્રી દરમિયાન એક ટ્રકે રિવર્સ લેવા જતા ગડરને ટકરાઈ હતી. જેને લઈ ભારેખમ વજન ધરાવતો લોખંડનો ગડર એક કાર પર પડ્યો હતો. કારમાં સવારે બે મુસાફરોનો જીવ સહેજ માટે બચી જવા પામતા રાહત સર્જાઈ હતી.પ્રાંતિજ રેલવે અંડર બ્રિજમાં બે વ્યક્તિઓને મોત સહેજ છેટું રહી ગયુ હોય એવી ઘટના સર્જાઈ હતી. રાત્રીના સમયે એક કારમાં બે વ્યક્તિઓ સવાર થઈ રહી હતી. એ દરમિયાન પ્રાંતિજ રેલવે સ્ટેશન પાસે આવેલ રેલવે અંડર બ્રિજમાં એક કાર પર લોખંડનો ભારે ગડર કાર પર પડ્યો હતો. કારમાં એ સમયે બે વ્યક્તિઓ સવાર હતી.

# ૩૧મી માર્ચના રોજ ગુજકેટની પરીક્ષા લેવાશે





। ગાંધીનગર, તા.૧૬ ।

હવે ૩૧ માર્ચના રોજ ગુજકેટની પરીક્ષા લેવાશે. અગાઉ ૨ એપ્રિલના રોજ પરીક્ષા લેવા જાહેરાત કરાઈ હતી. પરંતુ બોર્ડની પરીક્ષા હોવાના કારણે તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ગુજકેટ પરીક્ષાને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ગુજકેટ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જી હા... હવે ૩૧ માર્ચના રોજ ગુજકેટની પરીક્ષા લેવાશે. અગાઉ ૨ એપ્રિલના રોજ પરીક્ષા લેવા જાહેરાત કરાઈ હતી. પરંતુ બોર્ડની પરીક્ષા હોવાના કારણે તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટ-૨૦૨૪ની પરીક્ષા તા.૦૨/૦૪/૨૦૨૪ ને મંગળવારના રોજ યોજવામાં આવનાર હતી.ઉક્ત તારીખે ઝમ્જીઈ બોર્ડની પરીક્ષા હોવાથી ગુજકેટ-૨૦૨૪ની પરીક્ષા તા.૦૨/૦૪/૨૦૨૪ ના બદલે તા.૩૧/૦૩/૨૦૨૪ ને રવિવારના રોજ યોજવામાં આવશે.

# જસદણ વીંછીયા પંથકમાં PGVCLના દરોડા પડ્યા




। રાજકોટ, તા.૧૬ ।

રાજકોટમાં ફરી એક વાર વીજચોરી પકડાઈ છે. રાજકોટના જસદણ વીંછીયા પંથકમાં PGVCIના દરોડા પડ્યા છે. તો PGVCIની ૪૦ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધર્યું છે. તો આટકોટના ૨૭ સ્થળોએએથી વીજ ચોરી ઝડપાઈ છે. રાજ્યમાં અવારનવાર વીજચોરીની ઘટના બનતી હોય છે. આજદિન સુધી વીજચોરીનું દૂષણ યથાવત રહ્યું છે. ત્યારે રાજકોટમાં ફરી એક વાર વીજચોરી પકડાઈ છે. રાજકોટના જસદણ વીંછીયા પંથકમાં PGVCIના દરોડા પડ્યા છે. તો PGVCIની ૪૦ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધર્યું છે. તો આટકોટના ૨૭ સ્થળોએએથી વીજ ચોરી ઝડપાઈ છે. તો વીજ ચેકિંગ દરમિયાન ૨૦ લાખની વીજ ચોરી ઝડપાઈ છે. તો દરોડાના પગલે વીજચોરોમાં ફફડાટ જોવા મળ્યો છે.તો આ અગાઉ પણ મોટા પ્રમાણમાં વીજચોરી કરતા લોકો ઝડપાયા છે. આ અગાઉ રાજકોટમાં વીજચોરી થતી હોવાની માહિતીના આધારે PGVCLની ટીમે ફરી સપાટો બોલાવ્યો હતો.PGVCLની ટીમે રાજકોટમાં આજી, ખોખડદડ, મોરબી રોડ સહિતના વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. રાજકોટના જસદણ વીંછીયા પંથકમાં PGVCIના દરોડા પડ્યા છે. તો PGVCIની ૪૦ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધર્યું છે. તો આટકોટના ૨૭ સ્થળોએએથી વીજ ચોરી ઝડપાઈ છે. તો વીજ ચેકિંગ દરમિયાન ૨૦ લાખની વીજ ચોરી ઝડપાઈ છે.

તો દરોડાના પગલે વીજચોરોમાં ફફડાટ જોવા મળ્યો છે.તો આ અગાઉ પણ મોટા પ્રમાણમાં વીજચોરી કરતા લોકો ઝડપાયા છે. આ અગાઉ રાજકોટમાં વીજચોરી થતી હોવાની માહિતીના આધારે PGVCLની ટીમે ફરી સપાટો બોલાવ્યો હતો.PGVCLની ટીમે રાજકોટમાં આજી, ખોખડદડ, મોરબી રોડ સહિતના વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.

# બનાસકાંઠા ડાક કર્મચારીઓએ ફરી એકવાર સરકાર સામે બંયો ચઢાવી

। બનાસકાંઠા, તા.૧૬ ।

ગુજરાતમાં ફરી એકવાર સરકારી કર્મચારીઓની હડતાળનો સિલસિલો શરૂ થયો છે, હાલમાં જ માહિતી મળી છે કે, ઉત્તર ગુજરાતમાં કેન્દ્રીય ડાક કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. ડાક કર્મચારીઓની માંગણી છે કે, પગાર, રજાઓ સહિતના અન્ય લાભોથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે. ડાક કર્મચારીઓએ આજે પાલનપુરમાં વિરોધ સાથે રેલી યોજીને હડતાળ કરી હતી, આ સાથે તેમને કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર પણ આપ્યુ હતુ.

મળતી માહિતી પ્રમાણે, બનાસકાંઠા ડાક કર્મચારીઓએ ફરી એકવાર સરકાર સામે બંયો ચઢાવી છે. આજે પાલનપુરમાં ડાક કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. ઓલ ઈન્ડિયા નેશનલ જી ડી એસ યૂનિયનના કર્મીઓએ પોતાની માંગોને લઈ આજે પાલનપુરમાં એક મોટી રેલી યોજી હતી. આજે નીકળેલી રેલી પાલનપુરના જિલ્લા ડાક ઘર આગળથી ગુરુનાનક ચોક કીર્તિસ્થંભ સહીત વિવિધ વિસ્તારોમાં ફરી અને બાદમાં કલેક્ટર કચેરી પહોંચી હતી. આ રેલીમાં ડાક કર્મચારીઓએ ‘અમારી માંગો પૂરી કરો’ ‘કર્મચારીનું શોષણ બંધ કરો’ સહિતના નારા લગાવ્યા હતા. ગામડાની પૉસ્ટ ઓફિસોમાં ટપાલ વિતરણ તેમજ બચત ખાતા ખોલાવવાની ઉપરાંત પૉસ્ટ ઓફિસને લગતા તમામ કાર્યોની ફરજ બજાવતા હોવા છતાં, ડાક કર્મીઓને અચૂક રકમ ૩ અથવા ૫ કલાકનો પગાર અપાઈ રહ્યો હોવાની રજૂઆત કરી હતી.

ડાક કર્મીઓએ પેન્શન વીમા કે અન્ય રજાઓના લાભ મળતા ના વાત કહીને આ આવેદનપત્ર આપ્યુ હતું. આજે પાલનપુરમાં ડાક કર્મચારીઓએ પોતાની વિવિધ માંગણીઓને લઈને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆતો કરી હતી. ડાક કર્મીઓએ પેન્શન વીમા કે અન્ય રજાઓના લાભ મળતા ના વાત કહીને આ આવેદનપત્ર આપ્યુ હતું. આજે પાલનપુરમાં ડાક કર્મચારીઓએ પોતાની વિવિધ માંગણીઓને લઈને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆતો કરી હતી.

# નંદાસણમાં તસ્કરો રાત્રી દરમિયાન સોસાયટીમાંથી રિક્ષા ઉઠાવી ગયા



। મહેસાણા, તા.૧૬ ।

મહેસાણા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં તસ્કરોએ ત્રાસ ગુજારી મુક્યો છે. મહેસાણાના કડી વિસ્તારમાં બે તસ્કરો રિક્ષાની ચોરી કરી ગયા હોવાની ઘટના સામે આવી છે. આ મામલે હવે નંદાસણ પોલીસે આ મામલે તપાસ શરુ કરી છે. તસ્કરો રિક્ષા ચોરી કરી જવાનો સીસીટીવી વીડિયો સામે આવ્યો છે અને જેને આધારે રિક્ષા ચોરનાર શખ્શો સુધી પહોંચવા માટે કાર્યવાહી શરુ કરી છે.તસ્કરોએ શિયાળામાં ત્રાસ કરાવી મુક્યો છે. મહેસાણા જિલ્લામાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. આ દરમિયાન મહેસાણાના કડી તાલુકાના નંદાસણ વિસ્તારમાં તસ્કરોએ રિક્ષાની ચોરી આચરી હતી. રાત્રીના સમયે તસ્કરોએ અલ શીફા સોસાયટીમાં તસ્કરો આવીને રિક્ષાનું લોક તોડી નાંખ્યું હતુ. લોક તોડીને બંને તસ્કરોએ રિક્ષાના અવાજથી કોઈ જાગી ના જાય એ માટે ધીરે ધીરે ધક્કો મારીને સોસાયટીથી દૂર લઈ ગયા હતા અને ત્યાર બાદ રિક્ષા લઈને ફરાર થઈ ગયા હતા. ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે અને જેને લઈ નંદાસણ પોલીસે હવે તપાસ શરુ કરી છે.

# બીલાસીયા ગ્રામ પંચાયતના મહિલા તલાટી લાંચ લેતા ઝડપાયા

## તલાટીએ ૫૦૦૦૦ રુપિયાની લાંચની રકમ આ કામ માટે કરી હતી જેને લઈ ખેડૂતે લાંચ આપવાને બદલે એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો

। અમદાવાદ, તા.૧૬ ।

રાજ્યમાં ભ્રષ્ટાચારી અધિકારીઓ અને કર્મચારીઓમાં જાણે કે સુધારો થવાનું નામ જ નથી લેવાતું. રાજ્યનું એસીબી વિભાગ સતત ભ્રષ્ટાચારીઓને ઝડપીને જેલમાં ધકેલવાની કાર્યવાહી કરતું હોવા છતાં પણ, લાંચીયા અધિકારીઓ અને કર્મચારીઓ બેફામ થઈને લોકોની પાસેથી લાંચની રકમ લુંટી રહ્યા છે. વધુ એક તલાટી અમદાવાદ જિલ્લામાં લાંચ લેતા ઝડપાયા છે.

એસીબી દ્વારા રાજ્યમાં જાણે કે રોજે રોજ કાર્યવાહી કરીને લાંચીયા અધિકારીઓને જેલમાં ધકેલી રહ્યુ છે. આમ છતાં પણ લાંચીયા અધિકારીઓ અને કર્મચારીઓ સુધરવાનું નામ લઈ રહ્યા નથી. આવી જ રીતે વધુ એક લાંચિયા તલાટીને જેલના હવાલે કરવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈના બીલાસીયા ગ્રામ પંચાયતના મહિલા તલાટી લાંચ લેતા ઝડપાયા છે. મહિલા તલાટીને એસીબીએ છટકું ગોઠવીને આબાદ ઝડપી લીધા છે. મહિલા તલાટીએ ૫૦ હજાર રુપિયાની લાંચ ખેડૂત પાસેથી માંગી હતી. જેને લઈ એસીબીએ છટકાનું આયોજન કર્યુ હતુ. જેમાં મહિલા તલાટીને ઝડપી લઈને કાર્યવાહી કરવામાં આવી હતી.

ઘટનાની હકીકત એવી છે કે, અમદાવાદના દસક્રોઈ તાલુકામાં આવેલ હુકા ગામના ખેડૂતને પોતાની વડીલો પાર્જીત ખેતીની જમીનનું પેઢીનામું કરવાનું હતુ. જેને લઈ બિલાસીયા ગ્રામ પંચાયતના તલાટી મધુબેન પુનાભાઈ પટેલને આ અંગે અરજી કરી હતી. જેને લઈ તલાટીએ પેઢીનામાનું કામ કરી આપવા માટે લાંચની



રકમની માંગ કરી હતી. તલાટીએ ૫૦૦૦૦ રુપિયાની લાંચની રકમ આ કામ માટે કરી હતી. જેને લઈ ખેડૂતે લાંચ આપવાને બદલે એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો. જેને લઈ અમદાવાદ શહેર એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ આરઆઈ પરમાર અને તેમની ટીમે છટકાનુ આયોજન કર્યુ હતુ.

હુકા ગામથી બીલાસીયા જવાના રસ્તા પર જ મહિલા તલાટીએ લાંચની રકમ સ્વિકારી હતી. ખેડૂતને લાંચની રકમ આપવા માટે દર્શાવેલ સ્થળ અને રકમ સાથે બતાવેલ સમયનુસાર તૈયાર હતો. આ દરમિયાન મહિલાએ રસ્તા વચ્ચે જ એક સ્થળે આ લાંચની રકમ મેળવવા મુલાકાત કરી હતી.જ્યાં ખેડૂતે લાંચની રકમ આપતા જ એસીબીની ટીમે તેમને ઝડપી લીધા હતા.

બિલાસીયા ગ્રામ પંચાયત, તા. દસક્રોઈ, જિ. અમદાવાદના તલાટી કમ મંત્રી મધુબેન પુનાભાઈ પટેલ રૂા.૫૦,૦૦૦/-ની લાંચ લેતા ઝડપાયા.

# બનાસકાંઠા જિલ્લાના દાંતા નજીક એસટી બસને અકસ્માત નડ્યો

। બનાસકાંઠા, તા.૧૬ ।

બનાસકાંઠા જિલ્લાના દાંતા નજીક એસટી બસને અકસ્માત નડ્યો હતો. એસટી બસના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા આ ઘટના બની હોવાની પ્રાથમિક જાણકારી મળી છે. ઘટના બાદ સ્થાનિક પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો. જોકે બસમાં સવાર તમામ લોકો સલામત હોવાને લઈ મોટી ઘટના ટળી હોવાની રાહત સર્જાઈ હતી. બનાસકાંઠા જિલ્લામાં મોટી ઘટના સર્જાતી ટળી ગઈ છે.

દાંતા નજીક એસટી બસને અકસ્માત નડ્યો હતો. એસટી બસને અકસ્માતના કોલને પગલે પોલીસ સહિતની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી. અંબાજી કલોલ બસના એસટી બસના ચાલકનો સ્ટીયરીંગ પર થી કાબૂ ગુમાવવાને લઈ અકસ્માતની ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતુ. એસટી બલ વીજ પોલને અથડાઈ હતી. જેને લઈ વીજ પોલને નુક્સાન થયુ હતુ, પરંતું મોટો અકસ્માત ટળી ગયો હતો. બસમાં ૧૫ જેટલા મુસાફરો સવાર હતા. એસટી બસ વીજ પોલને અથડાઈ હોવાને લઈ દ્રશ્ય જોઈને જ પહેલા તો જોનારા ચોંકી ગયા હતા. પરંતુ મુસાફરો સલામત જોઈને રાહત અનુભવતા તમામને નીચે ઉતારાયા હતા. એસટી બલ વીજ પોલને અથડાઈ હતી. જેને લઈ વીજ પોલને નુક્સાન થયુ હતુ, પરંતું મોટો અકસ્માત ટળી ગયો હતો. બસમાં ૧૫ જેટલા મુસાફરો સવાર હતા. એસટી બસ વીજ પોલને અથડાઈ હોવાને લઈ દ્રશ્ય જોઈને જ પહેલા તો જોનારા ચોંકી ગયા હતા. પરંતુ મુસાફરો સલામત જોઈને રાહત અનુભવતા તમામને નીચે ઉતારાયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. પૈસા ની અછત આજે ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે જે કેટલાક ભૌતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. નવા સંયુક્ત સાહસો તથા ભાગીદારી પર સહી-સિક્કા કરવાથી દૂર રહો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો. નોકરી કરનારાઓને તેમની હાલની સિદ્ધિઓ બદલ તેમના સહ-કર્મચારીઓ બિરદાવશે તથા સહકાર આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે. પત્રવ્યવહાર તકેદારીપૂર્વક કરવાની જરૂર. દિવસ દરમિયાન તમારી તમારા જીવનસાતી સાથે બોલાચાલી થવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે.

**ન્યૂઝ બ્રિફ**

## પાંચ વર્ષમાં બે લાખથી વધુ ભારતીયોએ યુએસમાં ઘૂસખોરીનો પ્રયાસ કર્યો

। નવી દિલ્હી, તા.૧૬ ।

સંસદના શિયાળુ સત્ર દરમિયાન સરકારે અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરનારા ભારતીયોની ચોંકાવનારી સંખ્યા જાહેર કરી છે. આ આંકડા અનુસાર છેલ્લા પાંચ વર્ષોમાં બે લાખથી વધુ ભારતીયોએ અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે લગભગ એક લાખ લોકો એવા હતા જેમણે તો ગત વર્ષે જ આ પ્રયાસ કર્યો હતો. સંસદમાં પૂછાયેલા એક સવાલના જાવબમાં વિદેશ રાજ્યમંત્રી વી.મુરલીધરને કહ્યું કે અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી તરફથી શેર કરાયેલી માહિતી અનુસાર ૨૦૧૮-૧૯ માં ૮૦૨૭, ૨૦૧૯-૨૦ માં ૧૨૨૭, ૨૦૨૦-૨૧ માં ૩૦,૬૬૨, ૨૦૨૧-૨૨ માં આ સંખ્યા ૬૩,૯૨૭ હતી. જોકે ૨૦૨૨-૨૩ માં ૯૬,૯૧૭ કેસ સામે આવ્યા હતા. અમેરિકી અધિકારીઓ તરફથી શેર કરાયેલા રિપોર્ટ અનુસાર ગેરકાયદે ભારતય પ્રવાસીઓની કુલ સંખ્યા ૨૦૦,૭૬૦ છે. કાર્યવાહી દરમિયાન વિદેશ મંત્રાલયે કહ્યું કે વિદેશમાં રોજગારની શોધખોળ કરનારા ભારતીયોએ સાવચેત રહેવાની જરૂર છે.

## ગાઝાની સ્થિતિની યુક્રેન સાથે સરખામણી ન કરી શકાયઃ પુતીન

। મોસ્કો, તા.૧૬ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરૂવારે ગાઝા પટ્ટીની સ્થિતિને મોટા પાયે તબાહી ગણાવી છે. તેમણે કહ્યું કે, તેની તુલના યુક્રેન સંઘર્ષ સાથે ન કરી શકાય. પુતિને મોસ્કોમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ ટિપ્પણી કરી હતી. કારણ કે, કિવ વિરુદ્ધ તેમનો સંપૂર્ણ પાયે લશ્કરી હસ્તક્ષેપ બે વર્ષના નિશાન નજીક પહોંચી ગયુ છે. યુક્રેનમાં પોતાના સંઘર્ષ માટે ક્રેમલિનના નામનો ઉપયોગ કરતા તેમણે કહ્યું કે, અહીં અને સમગ્ર વિશ્વ ભરમાં દરેક વિશેષ સૈન્ય અભિયાન અને ગાઝામાં શું થઈ રહ્યું, જોઈ શકાય છે અને તેના વિશેનું અંતર અનુભવી શકાય છે. પરંતુ યુક્રેનમાં એવું કંઈ નથી. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને ત્રણ મહિના વીતી ગયા છે. પેલેસ્ટિનિયન જૂથ હમાસે ૭ ઓક્ટોબરના રોજ ઈઝરાયેલ પરના હુમલા બાદ યુદ્ધ શરૂ થયું હતું. હમાસના આ હુમલામાં ઈઝરાયેલના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા જેમાં મોટાભાગે સામાન્ય નાગરિકો હતા.

### ભારતીય ક્રિકેટ ટીમ હાલ સાઉથ આફ્રિકાના પ્રવાસે

# રાહુલ દ્રવિડને હવે વન-ડે સિરિઝના કોચપદેથી હટાવાયા

### ટીમની કોચિંગની જવાબદારી સિતાંશુ કોટકના નેતૃત્વ હેઠળ નેશનલ ક્રિકેટ એકેડમીના સ્ટાફને સોંપવામાં આવશે



। નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતીય ક્રિકેટ ટીમ હાલ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે. જ્યાં તે ત્રણેય ફોર્મેટની સિરીઝ રમશે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાયેલી ટી૨૦આઈ સિરીઝ ડ્રો રહી હતી. હવે ભારતીય ટીમ સાઉથ આફ્રિકા સામે વન-ડે સિરીઝ રમવાની છે. પરંતુ તે પહેલા એક મોટો ફેરફાર થયો છે. રાહુલ દ્રવિડને વન-ડે સિરીઝ માટે કોચના પદથી હટાવી દેવામાં આવ્યા છે. રાહુલની જગ્યાએ કોચની જવાબદારી નેશનલ ક્રિકેટ એકેડમી સાથે જોડાયેલ વ્યક્તિ કરશે.

મળેલા અહેવાલો મુજબ દ્રવિડ અને તેનો કોચિંગ સ્ટાફ ત્રણ વનડે મેચમાંથી એકપણ મેચમાં સામેલ થશે નહીં. કે.એલ રાહુલના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમ સાઉથ આફ્રિકા સામે વન-ડે સિરીઝ રમવા માટે મેદાન પર ઉતરશે. આ ટીમની કોચિંગની જવાબદારી સિતાંશુ કોટકના નેતૃત્વ હેઠળ નેશનલ ક્રિકેટ એકેડમીના સ્ટાફને સોંપવામાં આવશે. આ અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કોટક ઉપરાંત અજય રાત્રા ફિલ્ડીંગ કોચ જયારે રાજીવ દત્તા બોલિંગ કોચ તરીકે ભારતીય ટીમની સાથે જોડાશે.

એવું માનવામાં આવી રહ્યું છે કે રાહુલ દ્રવિડનો લક્ષ્ય ટેસ્ટ ફોર્મેટ પર ફોકસ કરવાનો છે. જેમાં ૨૬ ડિસેમ્બરથી સેન્ચુરિયન અને ૩ જાન્યુઆરીથી કેપટાઉનના ન્યુલેન્ડ્સમાં રમાનાર ૨ ટેસ્ટ મેચ સામેલ છે. વનડે મેચોમાં કોચિંગ છોડવાનો સીધો મતલબ એ છે કે દ્રવિડનું ધ્યાન ટેસ્ટ સિરીઝ તરફ છે, જેથી ટેસ્ટ મેચોમાં વધુ સારા પ્રદર્શન સાથે ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં સુધારો કરી શકે. આ સિવાય રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમ કોઈપણ કિંમતે સાઉથ આફ્રિકામાં ટેસ્ટ સિરીઝ જીતવા માંગે છે, કારણ કે ભારત આવું ક્યારેય કરી શક્યું નથી. ભારતીય ટીમ વર્ષ ૨૦૨૧-૨૨માં છેલ્લી સિરીઝમાં પ્રથમ ટેસ્ટ જીતીને સાઉથ આફ્રિકાને હરાવવાની નજીક પહોંચી હતી, પરંતુ આગામી બે ટેસ્ટમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. વનડે મેચોમાં કોચિંગ છોડવાનો સીધો મતલબ એ છે કે દ્રવિડનું ધ્યાન ટેસ્ટ સિરીઝ તરફ છે, જેથી ટેસ્ટ મેચોમાં વધુ સારા પ્રદર્શન સાથે ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં સુધારો કરી શકે. આ સિવાય રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમ કોઈપણ કિંમતે સાઉથ આફ્રિકામાં ટેસ્ટ સિરીઝ જીતવા માંગે છે, કારણ કે ભારત આવું ક્યારેય કરી શક્યું નથી. ભારતીય ટીમ વર્ષ ૨૦૨૧-૨૨માં છેલ્લી સિરીઝમાં પ્રથમ ટેસ્ટ જીતીને સાઉથ આફ્રિકાને હરાવવાની નજીક પહોંચી હતી, પરંતુ આગામી બે ટેસ્ટમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો.

### આરબીઆઈના આંકડાઓમાં માહિતી સામે આવી

## દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ૨.૮૨ અબજ ડોલરનો વધારો થયો



। નવી દિલ્હી, તા.૧૬ ।

દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ૨.૮૨ અબજ ડૉલરનો વધારો થયો છે. ૮ ડિસેમ્બરે સમાપ્ત થતાં અઠવાડિયામાં તે વધીને ૬૦૬.૮૬ અબજ ડૉલરે પહોંચી ગયું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) તરફથી જાહેર કરાયેલા આંકડાઓમાં આ માહિતી સામે આવી હતી. અગાઉના અઠવાડિયે દેશનો કુલ વિદેશી મુદ્રા ભંડાર ૬.૧૦૭ અબજ ડૉલરના ઉછાળા સાથે ૬૦૦ અબજ ડૉલરના આંકડાને વટાવી ગયો હતો. ઓક્ટોબર ૨૦૨૧માં તે ૬૪૫ અબજ ડૉલર હતો જે તેનું ઓલ ટાઈમ હાઈ લેવલ છે. જોકે ડૉલરની તુલનાએ રૂપિયાને બચાવવા માટે આરબીઆઈ દ્વારા મુદ્રા ભંડારનો ઉપયોગ કરાતાં તેમાં ઘટાડો થયો હતો. જોકે વિદેશી મુદ્રા ભંડારનો એક મુખ્ય ઘટક વિદેશી મુદ્રા સંપત્તિ ૩.૦૮૯ અબજ ડૉલર વધીને ૫૩૬.૬૯૯ અબજ ડૉલરે પહોંચી ગઈ છે. આરબીઆઈએ જણાવ્યું કે ગત અઠવાડિયા દરમિયાન દેશનો ગોલ્ડ રિઝર્વ ૧૯.૪ કરોડ ડૉલરના ઘટાડાને લીધે ૪૭.૧૩ અબજ ડૉલર પર આવી ગયો છે. ટોચની બેંકના આંકડા દર્શાવે છે કે સમીક્ષા હેઠળના અઠવાડિયામાં આઈએમએફ પાસે મૂકી રાખેલા ભારતનો મુદ્રા ભંડાર ૧૧ લાખ ડૉલર ઘટીને ૪.૮૪૨ બિલિયન અમેરિકી ડૉલર થઈ ગયો છે.

## સ્વદેશી હાઈ સ્પિડ ફ્લાઈંગ વિંગ યુએવીનું સફળ પરીક્ષણ

### ભારતને આવા પ્લેટફોર્મનું ઉત્પાદન કરવાની ટેક્નિક ધરાવતા દેશોની એક વિશેષ ક્લબમાં સ્થાન મળી ગયું




। બેંગલુરૂ, તા.૧૬ ।

સંરક્ષણ મંત્રાલયે કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતેથી એક સ્વદેશી હાઈસ્પીડ ફ્લાઈંગ વિંગ યુએવીની સફળ ઉડાનનું પરીક્ષણ કર્યું. જેનાથી ભારતને આવા પ્લેટફોર્મનું ઉત્પાદન કરવાની ટેક્નિક ધરાવતા દેશોની એક વિશેષ ક્લબમાં સ્થાન મળી ગયું. આ ફ્લાઈંગ ટેસ્ટનો વીડિયો પણ સામે આવ્યો છે. આ યુએવી ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) ના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ તરફથી ડિઝાઈન કરાયું છે. આ મામલે મંત્રાલયે કહ્યું કે આ ઓટોનોમલ સ્ટીલ્થ યુએવીનું સફળ ટેસ્ટિંગ દેશમાં ટેક્નોલોજીની તત્પરતાના સ્તરમાં પરિપક્વતાનો પુરાવો છે. ટેલ લેસ કોન્ફિગ્યુરેશનમાં આ ટેસ્ટિંગ સાથે ભારત ફ્લાઈંગ વિંગ ટેક્નોલોજીના નિયંત્રણમાં મહારત મેળવનાર દેશોની વિશેષ ક્લબમાં સામેલ થઈ ગયું. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આ સિસ્ટમના સફળ ઉડાન પરીક્ષણ માટે ડીઆરડીઓ, સશસ્ત્ર દળો અને તેની સાથે સંકળાયેલા ઉદ્યોગોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે સ્વદેશી રીતે આવી મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજીના સફળ વિકાસથી સશસ્ત્ર દળો વધુ મજબૂત બનશે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ ફ્લાઈટના પરીક્ષણથી મજબૂત એરોડાયનેમિક અને કન્ટ્રોલ સિસ્ટમ, ઈન્ટીગ્રેટેડ રિયલ ટાઈમ, હાર્ડવેર ઈન લૂપ સિમ્યુલેશન અને અત્યાધુનિક ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશનના ડેવલપમેન્ટમાં સિદ્ધીઓ પ્રાપ્ત થઈ. છેલ્લા કોન્ફિગ્યુરેશનમાં સફળ સાતમી ઉડાન માટે એવિયોનિક સિસ્ટમ, ઈન્ટીગ્રેશન અને ફ્લાઈટ ઓપરેશનને ઓપ્ટિમાઈઝ કરાયું હતું.

### મુંબઈ ઈન્ડિયન્સે અચાનક રોહિતને સુકાનીપદેથી હટ

## સીએસકેએ રોહિતના માનમાં વીડિયો શેર કરી સન્માન આપ્યું



। મુંબઈ, તા.૧૬ ।

મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્માએ અચાનક હટાવીને હાર્દિક પંડ્યાને ટીમનો કેપ્ટન બનાવીને સૌને ચોંકાવી દીધા છે. રોહિત આઈપીએલના સૌથી સફળ કેપ્ટનમાંથી એક છે. રોહિતે આઈપીએલમાં સૌથી પહેલા ૫ વખત ટાઈટલ જીતવાનો રેકોર્ડ બનાવ્યો હતો. હવે રોહિતને કેપ્ટનશીપમાંથી હટાવ્યા બાદ ચેન્નઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટનના સન્માનમાં એક ખાસ વીડિયો શેર કર્યો છે.

ચેન્નઈની ટીમે રોહિત પ્રત્યે સન્માન વ્યક્ત કરતા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં વર્ષ ૨૦૧૩થી લઈને વર્ષ ૨૦૨૩ સુધી રોહિત શર્મા અને મહેન્દ્રસિંહ ધોનીની તસવીરો બતાવવામાં આવી છે.


વીડિયોમાં સામેલ તસવીરો ટોસના સમયની છે, જ્યારે બંને કેપ્ટન મેચ પહેલા ટોસ માટે જતા હતા. મુંબઈ ઈન્ડિયન્સમાં ફરી જોડાતા પહેલા હાર્દિક પંડ્યા ગુજરાત ટાઈટન્સની કમાન સંભાળી રહ્યો હતો. પરંતુ અચાનક તે ગુજરાત ટાઈટન્સ છોડીને આઈપીએલ ૨૦૨૪ પહેલા મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાઈ ગયો. જો કે હાર્દિકે વર્ષ ૨૦૧૫માં મુંબઈ ઈન્ડિયન્સ સાથે આઈપીએલ કરિયરની શરૂઆત કરી હતી. તે વર્ષ ૨૦૨૧ સુધી મુંબઈની ટીમમાં હતો. પરંતુ આઈપીએલ ૨૦૨૨માં ડેબ્યૂ કરનાર ગુજરાત ટાઈટન્સની ટીમે તેને પોતાની ટીમમાં સામેલ કર્યો અને ટીમની કમાન પણ હાર્દિકને સોંપી હતી અને તેણે પહેલી જ સિઝનમાં ગુજરાત ટાઈટન્સને ચેમ્પિયન બનાવી હતી. ગુજરાતની ટીમ આઈપીએલ ૨૦૨૩માં ફરી એકવાર ફાઈનલમાં પહોંચી પરંતુ આ વખતે તે ટ્રોફી પોતાના નામે કરવામાં સફળ રહી ન હતી. હાર્દિક પંડ્યા મુંબઈ સાથે જોડાશે આવા અહેવાલો પહેલા જ આવવાના શરુ થઈ ગયા હતા. પરંતુ હાર્દિકને મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવવામાં આવશે આવી કોઈ અટકળો ન હતી.

**વિશેષ**

### દેશમાં નેતા-અધિકારીઓના નબીરાઓ બેફામ

# મહારાષ્ટ્રમાં નશામાં ધૂત નબીરાએ ગર્લફ્રેન્ડને કાર નીચે કચડવાનો પ્રયાસ કર્યો







। મુંબઈ, તા.૧૬ ।

દેશમાં નબીરાઓને પોલીસ કે કાયદાનો ડર ન હોય તેમ જાણે બેફામ બન્યા છે. મહારાષ્ટ્રમાં એક અધિકારીના નશામાં ધૂત નબીરાએ પોતાની ગર્લફ્રેન્ડને કારથી જોરદાર ટક્કર મારીને કચડવાનો પ્રયાસ કર્યો હતો. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)ના એમડીના પુત્ર અશ્વજીત ગાયકવાડ પર તેની ગર્લફ્રેન્ડ પ્રિયા સિંહે કારથી કચડીને મારી નાખવાનો આરોપ લગાવ્યો છે. પ્રિયાએ સોશ્યલ મીડિયામાં તેની સાથે બનેલી ઘટના વર્ણવી હતી જેમાં તેના બોયફ્રેન્ડ અશ્વજીત ગાયકવાડે તેના મિત્રો સાથે મળીને પહેલા મારું અપમાન કરવાનું શરુ કર્યું હતું અને બાદમાં તેણે મને થપ્પડ મારી અને મારુ ગળું દબાવવાનો પ્રયત્ન કર્યો હતો અને ત્યારબાદ મારા વાળ પકડીને મને જમીન પર પછાડીને તે તેના મિત્રો સાથે કારમાં બેસી ગયો હતો અને તેણે મને તેની કારથી જોરદાર ટક્કર મારી હતી અને મને ઈજાગ્રસ્ત હાલતમાં જ ત્યાં મૂકીને ફરાર થઈ ગયા હતા. પ્રિયા સિંહે તેના સોશ્યલ મીડિયા પર કેટલીક તસવીરો પણ શેર કરી છે જેમાં તેના હાથ, ખભા, પગમાં ઈજાઓ છે અને તેણે કેપ્શનમાં લખ્યુ હતું કે મને ન્યાય જોઈએ છે. હાલ પ્રિયા સિંહ ઈન્ફિનિટી મેડિસર્જ સેન્ટર હોસ્પિટલમાં દાખલ છે. પ્રિયાના કહેવા પ્રમાણે થાણેમાં રહેનાર અશ્વજીત ગાયકવાડ સાથે તે છેલ્લા ચાર વર્ષથી પ્રેમ સંબંધમાં હતી અને થોડાક દિવસો પહેલા જ તેને જાણ થઈ હતી કે તેનો બોયફ્રેન્ડ અશ્વજીત પરિણિત છે તેમ છતાં પણ તેમના સંબંધ રાખ્યો હતો. પ્રિયાએ પોતાના પર થયેલા જીવલેણ હુમલા અંગે કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ મોટા વ્યક્તિના દબાણને કારણે તેની ફરિયાદ નોંધવામાં આવી ન હતી. ઉલ્લેખનીય છે કે અશ્વજીત ગાયકવાડના પિતાના ઘણા મોટા નેતાઓ સાથે ઉંડા સંબંધો છે જેને કારણે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આનાકાની કરી રહી હતી. જો કે પ્રિયાએ સોશ્યલ મીડિયામાં તેની સાથે બનેલી ઘટનાની વિગત શેર કરતા પોલીસ એક્શન મોડમાં આવી હતી અને અશ્વજીત અને તેના ત્રણ મિત્રો સામે ફરિયાદ નોંધી હતી.

**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદમાં વધુ એક બ્રિજમાં ભ્રષ્ટાચાર થયાનો પર્દાફાશ



| અમદાવાદ, તા.૧૬ |

અમદાવાદમાં ૯૭ કરોડમાં બનેલા અને હજુ ૧૦ મહિના પહેલા જ ખુલ્લા મુકાયેલા સનાથલ બ્રિજમાં હલકી ગુણવત્તાનો ડામર વપરાયાનો ઘટસ્ફોટ થયો છે. બ્રિજ પર ગાબડા પડતા SVNITને સોંપાયેલી તપાસના રિપોર્ટને આધારે આજથી પાંચ દિવસ બ્રિજ બંધ રાખવામાં આવ્યો છે. બ્રિજ ખુલ્લો મુકવાના ચાર જ મહિનામાં ગાબડું પડતા ઔડાએ સુરતની એસવીએનઆઈટી પાસે તપાસ કરાવી હતી. જેમાં બ્રિજના રોડમાં હલકી ગુણવત્તાના ડામર વાપરવામાં આવ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ સાથે જ બ્રિજની રાઈડિંગ સરફેસ યોગ્ય ન હતી તથા રેતીના મિશ્રણની મિક્સ ડિઝાઈન પણ ટેન્ડરના સ્પેશિફિકેશન મુજબ ન હતી. એટલું જ નહીં ગ્રેડેશન ચેક કરતા તેમાં પણ તફાવત જોવા મળ્યો છે. જેથી સનાથલ બ્રિજની ઉપર ડામરનું રીપેરીંગ કામ કરવાનું હોવાથી આગામી આજથી ૨૧ ડિસેમ્બર સુધી વારાફરતી બ્રિજના બંને તરફના ભાગને બંધ કરવામાં આવશે. જેથી સનાથલ બ્રિજની ઉપર ડામરનું રીપેરીંગ કામ કરવાનું હોવાથી આગામી આજથી ૨૧ ડિસેમ્બર સુધી વારાફરતી બ્રિજના બંને તરફના ભાગને બંધ કરવામાં આવશે. જેથી સનાથલ બ્રિજની ઉપર ડામરનું રીપેરીંગ કામ કરવાનું હોવાથી આગામી આજથી ૨૧ ડિસેમ્બર સુધી વારાફરતી બ્રિજના બંને તરફના ભાગને બંધ કરવામાં આવશે.

### વિઝાની ઓફિસમાં દસ્તાવેજોની ચકાસણી

# વિવિધ ૧૭ ટીમ એકસાથે વિઝા કન્સલ્ટન્ટ પર ત્રાટકી

## CID ક્રાઇમ બ્રાન્ચે અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં ૨૦ જેટલી વિઝા કન્સલ્ટન્સી ઓફિસ પર દરોડા પાડ્યાં

| વડોદરા, તા.૧૬ |

અત્યાર સુધીમાં કોઈ પણ ભોગે વિદેશ જવાની ઘેલછામાં ગુજરાતના અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. લેભાગુ તત્વો આ લાલચનો જ ફાયદો ઉઠાવી નકલી ડોક્યુમેન્ટ તેમજ વિઝાના આધારે અનેક લોકોને ગેરકાયદે રીતે વિદેશ મોકલી રહ્યા છે, ત્યારે CID ક્રાઈમે આ કૌભાંડની તપાસ માટે રાજ્યભરમાં સપાટો બોલાવ્યો છે. ગુજરાતમા અલગ અલગ સ્થળે વિઝા કન્સલ્ટન્સી ઓફિસમાં રેડ કરવામાં આવી છે.

CID ક્રાઈમે રાજ્યભરના વિઝા કન્સલ્ટન્ટ પર તવાઈ બોલાવી છે. CID ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં ૨૦ જેટલી વિઝા કન્સલ્ટન્સી ઓફિસ પર દરોડા પાડ્યાં છે. ખોટા દસ્તાવેજ પર વિઝાની પ્રોસેસ થતી હોવાની અનેક ફરિયાદો મળ્યા બાદ પોલીસે આ કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચની વિવિધ ૧૭ ટીમ એકસાથે વિઝા કન્સલ્ટન્ટ પર ત્રાટકી છે. જેમાં ૫૦થી વધુ પ ોલીસ કર્મચારીઓ અને કમ્પ્યુટરના નિષ્ણાત લોકોનો સમાવેશ થાય છે.

પોલીસે વિઝાની ઓફિસમાં દસ્તાવેજોની ચકાસણી કરી છે. જો કોઈ બોગસ દસ્તાવેજ કે કામગીરીનો ખુલાસો થશે તો ક્રાઈમ બ્રાન્ચ કડક કાર્યવાહી કરશે. અવારનવાર બોગસ વિઝા કંપનીઓ ઝડપાતી હોય છે. તેમજ એરપોર્ટ પર બોગસ વિઝા સાથે અનેક લોકોની ધરપકડ પણ થઈ રહી છે. જેને લઈ સઘન તપાસ હાથ ધરાઈ છે.

CID ક્રાઈમની ટીમે વડોદરાના ગોરવા રોડ પર આવેલા સ્મિત કોમ્પ્લેક્સમાં સ્ટુડન્ટ વિઝા, વર્ક પ રમિટ તેમજ ટૂરિસ્ટ વિઝાનું કામ કરતા માઈગ્રેશન ઓવરસીસ સેન્ટરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું. ગત સાંજે શરૂ કરાયેલું સર્ચ ઓપરેશન મોડી રાત સુધી ચાલું રહ્યું. CID ક્રાઈમ સાથે વડોદરા ગ્રામ્ય તેમજ પંચમહાલ અને ભરૂચની પોલીસ ટીમો પણ જોડાઈ હતી. અંદાજે ૧૨ કલાક સુધી પોલીસે માઈગ્રેશન ઓવરસીઝ સેન્ટરમાં તપાસ હાથ ધરી. આ દરમિયાન પોલીસને ગુજરાત બહારની યુનિવર્સિટીઓની કેટલીક શંકાસ્પદ માર્કશીટ મળી આવી છે.

CID ક્રાઈમ દ્વારા આ શંકાસ્પદ માર્કશીટ ઉપ રાંત કમ્પ્યુટર નેટવર્કનું મુખ્ય સર્વર, લેપટેલ અને મોબાઈલ સહિત અનેક મહત્વના દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા. તપાસ ટીમે વિઝા ઓફિસના સંચાલક સ્મિત શાહનું લેપટોપ તેમજ મોબાઈલ પણ કબ્જે કર્યો છે.

### વર્ષે કરોડો ટન સામાન થઈ જાય છે આમથી આમ

# માલની હેરફેરમાં ગુજરાત રાજ્ય દેશભરમાં અવલ્લ!



| અમદાવાદ, તા.૧૬ |

ગુજરાત સતત વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. માલની હેરફેરના આંકડાઓ પર નજર કરશો તો ખ્યાલ આવશે કે, સમગ્ર દેશના બંદરો પર જે સામાનની અવર-જવર થાય છે તેની સામે ગુજરાતનો આંકડો ક્યાં પ હોંચે છે. દેશના ૨૨૯ બંદરો પર વાર્ષિક ૧૪૩ કરોડ ટન સામાનની આયાત-નિકાસ થાય છે. તેની સામે ગુજરાતના ૪૯ બંદરેથી વર્ષે ૫૫ કરોડ ટન માલની હેરફેર થાય છે.

રાજ્યના ૪૯ બંદરોથી ૨૦૨૨-૨૩માં ૫૫ કરોડ ટનથી વધુ માલ-દેશના ૨૨૯ બંદરો પર માલ-સામાનની આયાત-નિકાસ થાય છે. જેમાં ૧૨ બંદરો મેજર છે, જેમાં ગુજરાતના કંડલા બંદરનો પણ સમાવેશ થાય છે. કંડલા બંદરેથી ૨૦૨૨-૨૩માં ૧૩.૭૫ કરોડ ટન સામાનની અવર- જવર નોંધાઈ છે. જ્યારે અન્ય ૪૮ નોન-મેજર બંદરો પરથી ૪૧.૬૩ કરોડ ટન સામાનની અવર-જવર થઈ છે. અહીં વિદેશ જતાં અને એક બંદરેથી બીજા બંદરે અવર-જવર થતા માલ-સામાનનો સમાવેશ થાય છે. દેશના લોજીસ્ટિક સેક્ટર માટેના પ્રોજેક્ટ સાગરમાલા હેઠળ ગુજરાતને ૧૨ નિયત પ્રોજેક્ટ માટે ૧૦૫૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. માલ સમાનની આ પ્રકારે ટ્રાજેક્શનએ આર્થિક રીતે ગુજરાતના વિકાસદરને પણ ઉપર લઈ જાય છે. સાથો-સાથ દેશના વિકાસમાં પણ તેના ફાળો વધે છે.

**ખેડૂતોની જમીનનું વળતર ન ચૂકવાતા કાર્યવાહી**

# મહેસાણા માર્ગ-મકાનની કચેરી સીલ કરી દેવાઈ

| મહેસાણ, તા.૧૬ |

મહેસાણા જિલ્લા પંચાયતની માર્ગ અને મકાન વિભાગની કચેરીને સીલ કરવામાં આવી છે. બે દિવસથી સીલ કરી દેવામાં આવતા કચેરીના સ્ટાફે હવે કાર્યપાલક ઈજનેરની કચેરીમાં બેસીને કામકાજ કરવાની નોબત આવી છે. માર્ગ અને મકાન વિભાગ સામે ખેડૂતોએ કોર્ટમાં જમીન સંપાદન મામલે અરજી કરી હતી અને જેને અનુસંધાને આખરે કોર્ટે પંચાયત માર્ગ મકાન વિભાગની કચેરીને સીલ કરાઈ હતી.

મહેસાણા જિલ્લા પંચાયતમાં આવેલ માર્ગ અને મકાન વિભાગની કચેરીને સીલ કરવાની કાર્યવાહી બે દિવસ અગાઉ કરવામાં આવી હતી. બે દિવસ પહેલા કચેરી સીલ થઈ જતા હવે કર્મચારીઓએ કાર્યપાલક ઈજનેરની ચેમ્બરમાં બેસીને કામ કરવુ પડી રહ્યુ છે. કોર્ટના હુકમ બાદ કચેરીને સીલ કરવામાં આવી હતી.

આ માટેનુ કારણ એમ હતુ કે, વિજાપુરના જંત્રાલ ગામના ખેડૂતોની જમીન રોડ બનાવવા માટે સંપાદન કરવામાં આવી હતી. જે જમીન સંપાદનમાં ૯ ખેડૂતોને વળતર ચૂકવાયુ નહોતુ. જેને લઈ કોર્ટે આખરે કચેરી સીલ કરવા માટેની કાર્યવાહી કરવામાં આવી હતી. ૧૫ દિવસમાં વળતર આપવાની વાત કરવામાં આવી છે, તો બીજી તરફ વળતર ચુકવાય નહીં ત્યાં લગી કચેરી સીલ કરવામાં આવી છે.


# જુની અદાવતમાં તલવાર અને ચપ્પુ વડે હુમલો, બે મિત્રો ઈજાગ્રસ્ત

| અમદાવાદ, તા.૧૬ |

અમદાવાદના મહાવીરનગર વિસ્તારમાં જુની અદાવતમાં તલવાર અને ચપ્પુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ગત રાત્રે બનેલી ઘટનામાં બે મિત્રો ઈજાગ્રસ્ત થયા હતા. નિલેશ રાઠોડ અને રવિ વર્મા હુમલામાં ઘાયલ થયા હતા, બંને મિત્રો એલ જી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. દેશી દારૂના ધંધો કરતા શખ્સે હુમલો કર્યો હોવાનો ઈજાગ્રસ્તના ભાઈએ આરોપ લગાવ્યો હતો.

અમદાવાદના મણિનગરમાં લગ્નના ત્રણ મહિના બાદ પતિ સહિત સાસરિયાઓએ પરિણીતાને ત્રાસ આપી મારતા હતા. તેમજ પતિ અને સસરા સાથે દારૂ પીને પરિણીતાને પણ દારૂ પીવા દબાણ કરતા હતા પરિણીતા તેમને વશ ન થતા તલવારથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહી પતિ-પ ત્ની ભાડે રહેવા જતા પતિ તેને મૂકીને ઘર આવી ગયો હતો પત્ની સાસરીમાં આવી તો કાઢી મૂકી હતી. ઉપરાંત પતિ અન્ય વિધવા મહિલા સાથે ફરતો હોવાનું પ રિણીતાને જાણ થઈ હતી. આ અંગે પ રિણીતાએ પતિ સહિત સાસરિયા સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મણિનગરમાં પિયરમાં રહેતી ૩૮ વર્ષીય મહિલાએ મણિનગર પોલીસ સ્ટેશનમાં ગોતમતીપુરમાં રહેતા પતિ સહિત સાસરીના પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાના લગ્ન વર્ષ ૨૦૧૦માં ગોમતીપુર ખાતે થયા હતા. લગ્નના ત્રણ મહિના બાદ પતિ અને સાસુ નાની-નાની બાબતોમાં પરિણીતા સાથે ઝઘડો કરીને મારઝૂડ કરીને અવાર-નવાર સાસરિયા ત્રાસ આપતા હતા. એટલું જ નહી પતિ અને સસરા સાથે દારૂ પીને પરિણીતાને દારૂ પીવા દબાણ કરતા હતા. પરંતુ પરિણીતા તેમના વશ ન થતા તલવારથી હુમલો કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા હતા. ત્યારબાદ પરિણીતા પતિ સાથે ઘોડાસર ભાડે રહેવા ગઈ હતી ત્યાં તેને મૂકીને પતિ ગોમતી પુરના મકાનમાં જતો રહ્યો હતો. જેથી પ ત્ની ત્યાં જતા તેને ઘરમાં ઘૂસવા દીધી ન હતી. જેથી કંટાળીને પરિણીતા પિયરમાં રહેવા જતી રહી હતી સમાધાન માટે પ્રયાસ કર્યા પણ સાસરીયા માનતા ન હતા. આ દરમ્યાન પરિણીતાને તેના પતિ અન્ય વિધવા મહિલા સાથે ફરતા હોવાની જાણ થઈ હતી. આ ઘટના અંગે પરિણીતાએ પતિ સહિત સાસરીયા સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે તમામ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




# નિખિલ ગુપ્તા સામે કાર્યવાહીની યુએસના સાંસદોની માગ

| વોશિંગ્ટન, તા.૧૬ |

અમેરિકાની ધરતી પર ખાલિસ્તાની આતંકી અને શીખ ફોર જસ્ટિસના સંસ્થાપક ગુરુપતવંત સિંહ પન્નુને મારવાનું તથાકથિત કાવતરું હવે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં ખટાશ પેદા કરવાનું કારણ બની રહ્યું છે. બાયડેન સરકારે તેમના સાંસદોના માધ્યમથી આ કેસમાં કથિતરૂપે સામેલ ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા સામે કાર્યવાહીની માગ કરી છે અને ચેતવણી આપી છે કે જો એવું નહીં થાય તે ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પર માઠી અસર થશે. આ મામલે શુક્રવારે ત્યારે ગંભીર વળાંક આવ્યો જ્યારે પાંચ ભારતીય અમેરિકી સાંસદોએ નિવેદન જારી કરી કહ્યું કે જો ભારતીય અધિકારી આ મામલે યોગ્ય રીતે તપાસ નહીં કરે તો તેની બંધે દેશોના સંબંધો પર અસર થશે. આ તમામ ભારતીયમૂળના સાંસદો સત્તારુઢ ડેમોક્રેટિક પાર્ટીના હતા.

